dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 128 | AD - 2026, Maha Vad - 11 | Friday, Dt. 13-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ગુજરાતમાં ભારત બંધના એલાનનો ફિયાસ્કો, બજારો ખુલ્લી રહી

# ૧૪ રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનો દ્વારા અપાયેલા ભારત બંધને મિશ્ર પ્રતિસાદ

નવીદિલ્હી,તા.૧૨

ચૌદ રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનો દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવેલા ભારત બંધને દેશભરમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ હડતાળને કૃષિ, ગ્રામિણ અને અનૌપચારિક ક્ષેત્રના કામદારોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓએ સમર્થન આપ્યું હતું. કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સંયુક્ત પ્લેટફોર્મ સાથે જોડાયેલા કામદારો અને કર્મચારીઓએ એક દિવસની હડતાળ પાળી હતી. તેમનો દાવો હતો કે તેઓ કેન્દ્ર સરકારની ''મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને રાષ્ટ્ર વિરોધી કોર્પોરેટ નીતિઓ'' સામે પ્રતિકાર દર્શાવી રહ્યા છે.

ઓડિશામાં ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન સેન્ટરે આ રાષ્ટ્રીય હડતાળમાં ભાગ લીધો હતો. રાજ્યના કેટલાક વિસ્તારોમાં દુકાનો બંધ રહી હતી, જ્યારે અન્ય વિસ્તારોમાં સામાન્ય જનજીવન ચાલુ રહ્યું હતું. ઓડિશા ભાજપના પ્રવક્તા અનિલ બિસ્વાલે વિરોધ પક્ષો પર આક્ષેપ કરતાં કહ્યું કે તેઓ મજૂર મુદ્દાઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ, વાસ્તવિક સુધારાઓ અમલમાં આવી રહ્યા હોવાથી વિરોધ પક્ષો હડતાળનો સહારો લઈ રહ્યા છે. પંજાબના મોગામાં પરિવહન કામદારો ભારત બંધના સમર્થનમાં હડતાળમાં જોડાયા હતા, જેના કારણે બસ સેવાઓ પર અસર પડી હતી. કેરળમાં હડતાળની અસર સૌથી વધુ જોવા મળી હતી. રાજ્યમાં પરિવહન સેવાઓ સંપૂર્ણપણે બંધ રહી હતી અને સરકારી કચેરીઓમાં હાજરી ઓછી નોંધાઈ હતી. રાજ્ય સરકારે





સરકારી કર્મચારીઓ માટે ''ડાયસ નોન'' જાહેર કર્યો હતો, જેનો અર્થ એ છે કે ગેરહાજરીનો દિવસ પગારપાત્ર ગણાશે નહીં. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ આ રાષ્ટ્રીય હડતાળને સમર્થન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે લાખો કામદારો અને ખેડૂતો તેમના અધિકારોની રક્ષા માટે રસ્તા પર ઉતર્યા છે. ચાર નવા શ્રમ સંહિતા, કેટલાક વેપાર કરારો અને મનરેગાની નબળી અમલવારીને કારણે કામદારોના ભવિષ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે છે. મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયોમાં કામદારો અને ખેડૂતોનો અવાજ અવગણવામાં આવી રહ્યો છે. કર્ણાટકના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે સ્પષ્ટ કર્યું હતું કે રાજ્યની શાળાઓ સામાન્ય રીતે ચાલુ રહેશે અને બંધની અસર નહીં થાય. જોકે, કેરળ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં સ્થાનિક સમર્થનને કારણે કેટલીક શાળાઓ અને કોલેજો બંધ રહી હતી. કોલકાતામાં નવા શ્રમ કાયદા અને અન્ય વિવાદાસ્પદ પ્રસ્તાવ સામે ટ્રેડ યુનિયનો દ્વારા વ્યાપક પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ભારત બંધને કારણે કેટલાક રાજ્યોમાં ટ્રાફિક, બેંકિંગ સેવાઓ અને બજારો પર અસર જોવા મળી હતી. રસ્તાઓ પર અવરોધો ઊભા કરવામાં આવ્યા હતા, બસ, ટેક્સી અને સ્થાનિક ટ્રેનોમાં વિક્ષેપ નોંધાયો હતો. અનેક સ્થળોએ બજારની દુકાનો અને રેસ્ટોરન્ટ બંધ રહ્યા હતા. ગુજરાતમાં બંધની અસર ખાસ નોંધાઈ નહોતી. મોટાભાગના વિસ્તારોમાં વ્યવહાર રાબેતા મુજબ ચાલ્યો હતો. દુકાનો અને શોપિંગ સેન્ટર ખુલ્લા રહ્યા હતા, જોકે કેટલીક બેંકો બંધ રહી હતી અને બેંક કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા. શાળાઓ અને કોલેજો પણ ખુલ્લી રહી હતી. દસથી વધુ ટ્રેડ યુનિયનોના ગઠબંધને સંયુક્ત કિસાન મોરચાના સમર્થન સાથે હડતાળનું એલાન કર્યું હતું. તેમની મુખ્ય માંગણીઓમાં નવેમ્બર ૨૦૨૫માં સૂચિત ચાર નવા શ્રમ સંહિતાઓ અને સંબંધિત નિયમો રદ કરવાના, બીજ બિલ, વીજળી સુધારા બિલ અને ડ્રાફ્ટ શાંતિ અધિનિયમ પાછા ખેંચવા તથા મનરેગાને પુનઃસ્થાપિત કરવાની માંગનો સમાવેશ થાય છે.

# રૂ.૩.૨૫ લાખ કરોડના ખર્ચે ૧૧૪ નવા રાફેલ જેટ ખરીદશે ભારતઃ સંરક્ષણ મંત્રાલયનો નિર્ણય

ન્યૂ દિલ્હી,તા.૧૨

ભારતની રક્ષણાત્મક શક્તિને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંરક્ષણ મંત્રાલયે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) ની બેઠકમાં ભારતીય વાયુસેના (IAF) માટે વધારાના ૧૧૪ રાફેલ ફાઈટર જેટની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સોદો અંદાજે રૂ.૩.૨૫ લાખ કરોડનો હોવાનું મનાય છે.



ભારતીય વાયુસેનામાં હાલમાં ૪૨ સ્ક્વોડ્રનની જરૂરિયાત સામે માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ કાર્યરત છે. જૂના થઈ રહેલા મિગ-૨૧ (MiG-૨૧) વિમાનોને સેવામાંથી હટાવ્યા બાદ સર્જાયેલી અછતને પૂરવા માટે આધુનિક ફાઈટર જેટ્સની તાતી જરૂરિયાત હતી. ભારત પાસે અત્યારે ૩૬ રાફેલ જેટ્સ છે, જે અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત છે. આ સોદાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ પૂર્ણ થશે. ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની ભારતીય ભાગીદાર સાથે મળીને અહીં જ ઉત્પાદન કરશે. શરૂઆતના ૧૮ જેટ્સ 'રેડી-ટુ-ફ્લાય' (તૈયાર સ્થિતિમાં) આવશે, જ્યારે બાકીના ૯૬ જેટ્સનું નિર્માણ ભારતમાં કરવામાં આવશે. રોજગારીઃ આ પ્રોજેક્ટથી સંરક્ષણ ક્ષેત્રે હજારો નવી નોકરીઓનું સર્જન થશે અને અત્યાધુનિક ટેકનોલોજીનું હસ્તાંતરણ થશે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાઃ વધારાના વળતર સામે કાનૂની હક છોડવાની ઓફરથી વિવાદ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ બપોરે એર ઈન્ડિયાનું લંડન જતું વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું. આ ઘટનાને લઈ લંડનના અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ'માં એક મહત્વપૂર્ણ રિપોર્ટ પ્રકાશિત થયો છે. રિપોર્ટ અનુસાર, એર ઈન્ડિયાએ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારોને વધારાના વળતરના બદલામાં કાનૂની કાર્યવાહી કરવાનો અધિકાર છોડવાની શરત સાથે સમજૂતીનો



પ્રસ્તાવ મૂક્યો છે. એરલાઈન દ્વારા પરિવારોને વધારાના રૂપિયા ૧૦ લાખ સુધીની અંતિમ રકમ ઓફર કરવામાં આવી રહી છે, જ્યારે કેટલાક કિસ્સાઓમાં આ રકમ ૨૦ લાખ રૂપિયા સુધી હોવાનું જણાવાયું છે. જોકે, આ રકમ સ્વીકારવા માટે પરિવારે ભવિષ્યમાં કોઈપણ દેશમાં અથવા કોઈપણ કોર્ટમાં અકસ્માત સંબંધિત દાવો નહીં કરવાનો અને તમામ કાનૂની જવાબદારીઓમાંથી કંપનીને મુક્ત કરવાનો કરાર કરવો પડશે. આ પ્રસ્તાવનો ૧૩૦ પીડિતોના પરિવારોની લીગલ ટીમે કડક વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે હજુ તપાસ પૂર્ણ થઈ નથી અને જવાબદારી નક્કી થઈ નથી. આવી સ્થિતિમાં કાનૂની હક છોડવાની શરત અયોગ્ય છે. કેટલાક ઘાયલ પરિવારોની સારવાર હજુ ચાલુ હોવાનું પણ જણાવાયું છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું કે કંપની દરેક પ્રભાવિત પરિવારને યોગ્ય અને કાયદા મુજબ સહાય કરવા પ્રતિબદ્ધ છે.

### કાર વિસ્ફોટમાં ૧૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા

# દિલ્હીના લાલ કિલ્લા પાસે કાર બ્લાસ્ટની જવાબદારી જૈશ-એ-મોહમ્મદે સ્વીકારી : યુએન

ન્યુ દિલ્હી,તા.૧૨

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના તાજેતરના અહેવાલમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે ૧૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટની જવાબદારી આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) એ સ્વીકારી છે. આ દુઃખદ ઘટનામાં ૧૫ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ કેસની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) કરી રહી છે. એજન્સીએ આ હુમલાને 'વ્હાઈટ કોલર ટેરર મોડ્યુલ' તરીકે ઓળખાવ્યો છે. અત્યાર સુધીની તપાસમાં જૈશ-એ-મોહમ્મદ અને



અંસાર ગઝવત-ઉલ-હિંદ વચ્ચેના સંબંધો સામે આવ્યા છે. આ મામલે કુલ ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં આશ્ચર્યજનક રીતે ત્રણ ડોક્ટરોનો પણ સમાવેશ થાય છે જેઓ આ નેટવર્કને છૂપી રીતે મદદ કરતા હતા. UNSC ની ૧૨૬૭ સેંક્શન્સ કમિટીને સોંપવામાં આવેલા અહેવાલ મુજબ, જૈશના વડા મસૂદ અઝહરે ઓક્ટોબર ૨૦૨૫માં મહિલા આતંકવાદીઓની એક અલગ પાંખ બનાવી છે, જેનું નામ 'જમાત-ઉલ-મુમિનાત' રાખવામાં આવ્યું છે. આ વિંગ આતંકી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે કાર્યરત છે, જોકે તે હજુ સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધિત યાદીમાં સામેલ નથી.





# હરિદ્વાર-ઋષિકેશના મંદિરોમાં ડ્રેસકોડ, ગરિમા જાળવવા મેનેજમેન્ટનો નિર્ણય

હરીદ્વાર,તા.૧૨

હરિદ્વાર અને ઋષિકેશના પ્રખ્યાત મંદિરોમાં શ્રદ્ધાળુઓ માટે હવે ડ્રેસકોડ ફરજિયાત કરવામાં આવ્યો છે. મંદિર પરિસરોની બહાર લાગેલા પોસ્ટરો દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, ટૂંકા વસ્ત્રો જેમ કે હાફ પેન્ટ, બરમુડા, મિની સ્કર્ટ, નાઈટ સૂટ કે ફાટેલા જીન્સ પહેરીને આવનારને પ્રવેશ આપવામાં આવશે નહીં. આવા શ્રદ્ધાળુઓએ મંદિરની બહારથી જ દર્શન કરીને સહયોગ આપવો પડશે. મંદિર મેનેજમેન્ટ અને મહાનિર્વાણી અખાડાના સચિવ મહંત સ્વામી રવિન્દ્ર પુરી મહારાજે જણાવ્યું છે કે, આ નિર્ણય ધાર્મિક સ્થળોની પવિત્રતા અને ગરિમા



જાળવવા માટે લેવામાં આવ્યો છે. ખાસ કરીને દક્ષેશ્વર પ્રજાપતિ મહાદેવ મંદિરમાં આ નિયમનો કડક અમલ શરૂ કરાયો છે. ભક્તોને અપીલ કરવામાં આવી છે કે તેઓ મર્યાદાપૂર્ણ પોશાકમાં આવે અને પોતાના બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરે. આ પહેલનો મુખ્ય હેતુ મંદિરના વાતાવરણને આધ્યાત્મિક અને શિસ્તબદ્ધ રાખવાનો છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૩-૦૨-૨૦૨૬

## નીલગાયે હુમલો કરતા બે લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા

# લીલીયાના કણકોટ ગામે નીલગાયને હડકવા ઉપડતા બે લોકો પર હુમલો

**ઘટનાની જાણ થતા વનવિભાગે નીલગાયનું રેસ્ક્યુ કર્યું**

અમરેલી,તા.૧૨

લીલીયા તાલુકાના કણકોટ ગામ પાસે એક નીલગાયને હડકવા ઉપડતા તેણે ગામમાં ભારે દોડધામ મચાવી હતી. હડકાયા થયેલા આ વન્યપ્રાણીએ રસ્તામાં આવતા લોકો પર હુમલો કરવાનું શરૂ કર્યું હતું, જેમાં બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નીલગાયે ઓચિંતા હુમલો કરતા રમેશભાઈ બાબરીયા અને ભાનુબેન ગોસાઈ નામના બે વ્યક્તિઓ



ઘાયલ થયા છે. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હડકવાને કારણે નીલગાય હિંસક બનીને સતત લોકોની પાછળ દોડી રહી હતી, જેના કારણે ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતા જ લીલીયા રેન્જ વનવિભાગની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. વનવિભાગ દ્વારા આ નીલગાયને પકડવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, મહામહેનતે વનવિભાગ દ્વારા નીલગાયનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ હતું. નીલગાયને લઈ જતી વખતે જ તેમનું મોત થઈ જતા દફનવિધી કરવામાં આવી હતી.

# અમરેલી સહિત રાજ્યની બોર્ડની જાહેર પરીક્ષાઓનાં આયોજન અંગે સમીક્ષા બેઠક

અમરેલી,તા.૧૨

આગામી ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ સંદર્ભે રાજ્ય અને જિલ્લા કક્ષાએ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. તાજેતરમાં શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાના અધ્યક્ષ સ્થાને વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં પરીક્ષાના સુચારું સંચાલન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સંવેદનશીલ કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા કરવી, વિદ્યાર્થીઓની સુવિધા માટે એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવી, પરીક્ષા દરમિયાન પીજીવીસીએલ દ્વારા અવિરત વીજ પુરવઠો અને આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ ટીમ તૈનાત રાખવી, તમામ કેન્દ્રો સીસીટીવીથી સજ્જ રાખવા અને કંટ્રોલ રૂમ દ્વારા સતત મોનિટરિંગ કરવા અંગે ચર્ચા થઈ હતી. જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહિલે ખાતરી આપી હતી કે પરીક્ષા પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં લેવાય તે માટે તંત્ર સજ્જ છે. આ બેઠકમાં વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચાવંડ ગામે પંચાયત ભવનના નવનિર્માણ કાર્યનું જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૨

લાઠી તાલુકાના ચાવંડ ગામે પંચાયત ભવનના નવનિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા ભવનમાં ગ્રામજનોને વિવિધ શાસકીય યોજનાઓની માહિતી, અરજીઓની પ્રક્રિયા, બેઠકો



તેમજ સામાજિક કાર્યક્રમો માટે સુવિધાસભર માહોલ ઉપલબ્ધ થશે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ જીતુભાઈ ડેરે પણ સંબોધન કરી વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્યો, ગામના આગેવાનો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના રામપરા પંથકના મોટી સંખ્યામાં યુવાનો કોંગ્રેસમાં જોડાયા

રાજુલા,તા.૧૨

રાજુલા તાલુકામાં કોંગ્રેસ પક્ષ પ્રત્યે યુવાનોમાં વધતો વિશ્વાસ જોવા મળી રહ્યો છે. આજે રામપરા ગામની આજુબાજુ આવેલી વિવિધ કંપનીઓમાં સારા હોદ્દા અને પ્રતિષ્ઠિત સ્થાન ધરાવતા અનેક યુવાનો સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાયા હતા.



રાજુલા શહેરના કોંગ્રેસ અગ્રણી દીપક દાદા ત્રિવેદી અને યુવા કોળી આગેવાન ચેતનભાઈ બાબુભાઈ શિયાળના સક્રિય પ્રયાસો અને મહેનતને કારણે યુવાનોએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂએ તમામ યુવાનોને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા. આજે જોડાયેલા યુવાનોમાં વિજયભાઈ પીઠાભાઈ ખસિયા, સાગરભાઈ ખસિયા, અશ્વિનભાઈ ખસિયા સહિતના યુવાનો કોંગ્રેસમાં જોડાતા આગામી તાલુકા પંચાયતમાં આની અસર જોવા મળશે.

# અમરેલીમાં 'સશક્ત યુવા અને ભગવદ્ ગીતા' વિષય પર પરિસંવાદ

અમરેલી,તા.૧૨

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ ખાતે 'સશક્ત યુવા અને ભગવદ્ ગીતા' વિષય પર એક વિશેષ પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સ્થાપિત 'કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા કરવામાં આવ્યું હતું, જેની અધ્યક્ષતા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ કરી હતી. આ સેમિનારનો મુખ્ય હેતુ યુવાનોમાં નૈતિક મૂલ્યો અને જીવન વ્યવસ્થાપનનો વિકાસ કરવાનો હતો. મુખ્ય વક્તા બિપીનભાઈ જોશીએ વિદ્યાર્થીઓને



સમજાવ્યું કે ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ જીવન જીવવાની એક વૈજ્ઞાનિક માર્ગદર્શિકા છે. તેમણે ધર્મ, કર્મ અને કર્તવ્યના સમન્વય દ્વારા આત્મશક્તિ કેળવવા પર ભાર મૂક્યો હતો.

# બગસરાની દૃષ્ટિ જોગેલ કલા ઉત્સવમાં બાળ કવિ વિભાગમાં સૌરાષ્ટ્રમાં પ્રથમ

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લા તાલીમ ભવન દ્વારા યોજાયેલ સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલાઉત્સવમાં બાળ કવિ વિભાગમાં મેઘાણી હાઈસ્કૂલ બગસરાની વિદ્યાર્થિની કુ.દ્રષ્ટિ હરેશભાઈ જોગેલ સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ છે. આગામી સમયમાં રાજ્યકક્ષાએ તે સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરશે. આ તકે માર્ગદર્શક સ્નેહી પરમાર,



આચાર્ય વી.કે. જેઠવા તથા પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા, રાજુભાઈ ગીડા સહિતનાઓએ કુ.દષ્ટિને અભિનંદન પાઠવ્યા હતા.

# શેલણાની માધ્યમિક શાળા અને આંગણવાડીમાં 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉજવણી

અમરેલી, તા.૧૨

સાવરકુંડલા તાલુકાના શેલણા ગામની માધ્યમિક શાળા અને આંગણવાડી ખાતે આરોગ્ય વિભાગ દ્વારા કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોમાં કૃમિ સંક્રમણને અટકાવવા માટે સરકાર દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસમાં ૧ થી ૧૯ વર્ષના બાળકોને આ ગોળીઓ આપવામાં આવે છે. આ કાર્યક્રમ મોટા ઝીંઝુડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના 'આયુષ્માન આરોગ્ય મંદિર-શેલણા' દ્વારા યોજાયો હતો. આ



પ્રસંગે મેડિકલ ઓફિસર ડો. મયુર પારધી તથા તેમની ટીમ હિંમતભાઈ પરમાર, રસીલાબેન અને અસ્મિતાબેન દ્વારા બાળકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું.

# પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે મોડલ ફાર્મ તૈયાર કરનાર જરખીયાના ખેડૂતનું સન્માન

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના જરખીયા ગામના ખેડૂત ભરતભાઈ ચોવટીયા આજે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે એક પ્રેરણારૂપ નામ બન્યા છે. તેમણે રસાયણયુક્ત પરંપરાગત ખેતીનો ત્યાગ કરીને ગૌ-આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી એક ઉત્કૃષ્ટ 'મોડેલ ફાર્મ' તૈયાર કર્યું



છે. તેમની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું છે. ભરતભાઈ જણાવે છે કે અગાઉ મકાઈ જેવા પાકોમાં રાસાયણિક દવાઓના અતિશય છંટકાવ છતાં જીવાતો પર નિયંત્રણ આવતું નહોતું અને ખર્ચ વધતો જતો હતો. આ સમસ્યાના ઉકેલ રૂપે તેમણે છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક ખેતીનો માર્ગ પકડ્યો છે. આજે તેઓ પોતાના ખેતરમાં મગફળી, તુવેર, ઘઉં, ધાણા અને વરીયાળી જેવા વિવિધ પાકો સફળતાપૂર્વક ઉગાડી રહ્યા છે.

# પડતર પ્રશ્ને ખાંભા તાલુકા આંગણવાડી બહેનો માસ સીએલ (CL) પર ઉતર્યા

અમરેલી,તા.૧૨

ખાંભા તાલુકામાં આંગણવાડી કાર્યકરો માસ સીએલ (CL) પર ઉતરી હડતાળ કરી છે. જેના કારણે ખડાધાર, ડેડાણ અને ખાંભા સહિતના અનેક આંગણવાડી સેન્ટરો બંધ રહ્યા હતા. કાર્યકર બહેનોએ વિરોધ પ્રદર્શિત કરવા રેલી સ્વરૂપે ખાંભા મામલતદાર કચેરીએ પહોંચી મામલતદારને



આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરી હતી. આંગણવાડી કાર્યકરોનો મુખ્ય મુદ્દો કામના બોજમાં નોંધપાત્ર વધારો છે. MMY (મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના) સહિત સગર્ભા માતાઓથી લઈને છ વર્ષ સુધીના બાળકોની વિવિધ કામગીરીનો ભાર આંગણવાડી બહેનો પર વધારવામાં આવ્યો છે. આ વધારાના કામને કારણે તેઓ ભારે દબાણ અનુભવી રહ્યા છે. પગાર વધારો ન થતા આંગણવાડી કાર્યકરોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જાહેર થયેલા બજેટમાં પણ તેમના પગાર વધારા અંગે કોઈ ઉલ્લેખ ન હોવાથી તેમની નારાજગી વધી છે.









# સાવરકુંડલા તાલુકાના ખેડૂતોની ટેકાના ભાવથી સવા પાંચ લાખ ગુણી મગફળીની ખરીદી

સાવરકુંડલા,તા.૧૨

ચાલુ વર્ષે સરકાર દ્વારા ટેકાના ભાવથી મગફળી ખરીદવા માટે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનમાં સાવરકુંડલા માર્કેટયાર્ડમાં બે કેન્દ્રો મંજૂર થયેલ હતા.

આ કેન્દ્રો પરથી મગીફળી ખરીદવાનો પ્રારંભ ધારાસભ્ય મહેશભાઇ કાસવાલાની ઉપસ્થિતિમાં તા. ૦૯-૧૧-૨૦૨૫ના રોજ થયેલ. એ પછી ટેકાના ભાવથી મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, સોયાબિન વિ. ખરીદવાની નીતિ મુજબ સતત ૭૦ દિવસ સુધી યાર્ડના બંને કેન્દ્રો પરથી ટેકાના ભાવથી મગફળી ખરીદવાનું શરૂ રહેતા સાવરકુંડલા તાલુકામાંથી આઠ હજારથી વધારે ખેડૂતોની સવા પાંચ લાખ ગુણી મગફળીની ખરીદી કરવામાં આવેલ છે. જેની કિંમત અંદાજે એકસો બત્રીસ કરોડ થાય છે અને નવી સિસ્ટમ મુજબ આ વખતે ડાયરેકટ નાફેડ મારફત પેમેન્ટથી મોટાભાગના ખેડૂતોને મગફળી વેચાણના નાણાં પણ સમયસર મળી ગયા છે. સરકારની આવી ખેડૂતલક્ષી ઉદાર નીતિને સાવરકુંડલા તાલુકાના ખેડૂત અગ્રણીઓ દીપકભાઈ માલાણી-ચેરમેન માર્કેટ યાર્ડ અને તાલુકા સંઘ સાવરકુંડલા, જીતુભાઈ કાછડીયા- પ્રમુખ તાલુકા પંચાયત, મહેશભાઈ લખાણી- વા. ચેરમેન માર્કેટ યાર્ડ, દેવાતભાઈ બલદાણિયા-સિનિયર ડાયરેકટર માર્કેટયાર્ડ અને પૂર્વ પ્રમુખ આહીર સમાજ, જસુભાઈ ખુમાણ- સિનિયર ડાયરેક્ટર માર્કેટયાર્ડ અને અગ્રણી, રાઘવભાઈ સાવલિયા- ચેરમેન ખેતી બેન્ક સાવરકુંડલા સમિતિ અને પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત, લાલભાઈ મોર- વા.ચેરમેન સા.કુંડલા તાલુકા એફ.પી.ઓ વગેરેએ આવકારેલ છે.

# બગસરામાં આંગણવાડી વર્કર બહેનો દ્વારા પડતર પ્રશ્નો મામલે સીડીપીઓને આવેદન

બગસરા,તા.૧૨



બગસરામાં આંગણવાડી વર્કર બહેનો દ્વારા પડતર પ્રશ્નો મામલે સરકાર સામે વિરોધ વ્યક્ત કરી સીડીપીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ વિરોધના ભાગરૂપે બહેનો બે દિવસ માટે માસ સીએલ પર ઉતરી હતી અને ધરણા યોજીને ‘હમારી માંગે પૂરી કરો’ના સૂત્રોચ્ચાર કર્યા હતા.

આંગણવાડી તેમજ આશા વર્કર ફેસિલિટેટર દ્વારા અગાઉ પોતાની માંગણીઓ રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ બેઠક ન યોજાતા આજે ફરીવાર આવેદન આપવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવ્યા મુજબ, સરકાર દ્વારા ડેટા એન્ટ્રી માટે આપવામાં આવેલા મોબાઈલ ચાલતા નથી જેથી નવા મોબાઈલ આપવા, ફિક્સ પગારમાંથી કાયમી પગાર ધોરણ આપવું, છેલ્લા ત્રણ માસથી બાકી રહેલા બિલ ચૂકવવા તેમજ ફરજ બજાવતી મહિલાઓને ડ્રેસ (યુનિફોર્મ) આપવા જેવી માંગણીઓ કરવામાં આવી છે.

મહિલાઓએ ‘હમ સબ એક હૈ’ના નારા સાથે આવેદન આપી ચીમકી ઉચ્ચારી હતી કે, જો આ તમામ માંગણીઓનો સુખદ અંત નહીં આવે તો આગામી સમયમાં આ આંદોલનને વધુ જલદ બનાવવામાં આવશે.

# “તેરા તુજકો અર્પણ” અભિયાનઃ અમરેલી સિટી પોલીસે ગુમ થયેલ બાઈક શોધી મૂળ માલિકને પરત કરી

અમરેલી,તા.૧૨




“તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત નાગરિકોની ગુમ થયેલ મિલકત સત્વરે શોધી મૂળ માલિકને પરત કરવા અન્વયે અમરેલી સિટી પોલીસે મોટા બસ સ્ટેન્ડ પાસેથી ગુમ થયેલ રૂ. ૭૦,૦૦૦ની હીરો પેશન પ્રો શોધી અરજદાર દીપભાઈ દવેને પરત સોંપ્યુ હતું. બનાવની વિગત મુજબ, અમરેલીના અરજદાર દીપભાઈ હરેશભાઈ દવે ગત તા. ૦૭/૦૨/૨૦૨૬ના રોજ અમરેલી મોટા બસ સ્ટેન્ડ પાસે આવેલ એઈમ્સ હોસ્પિટલ ખાતે ગયા હતા, ત્યારે તેમણે પાર્ક કરેલ પોતાનું હીરો પેશન પ્રો મોટરસાયકલ ગુમ થયું હતું. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી.

# અમરેલીના મોટા ભંડારીયાની કોલેજ ઓફ એગ્રીકલ્ચર દ્વારા ખાસ શિબિરનું આયોજન

અમરેલી,તા.૧૨



મોટા ભંડારીયાની કોલેજ ઓફ એગ્રીકલ્ચરના એન.એસ.એસ. યુનિટ હેઠળ તા. ૯ થી ૧૫ સુધી બગસરામાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં એન.એસ.એસ. સ્વયંસેવકોએ સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાવો અભિયાન, વ્યસન મુક્તિ, પ્રાકૃતિક ખેતી જાગૃતિ, વૃક્ષારોપણ, શેરી નાટક તેમજ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન અંગે જાગૃતિ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી સેવા, સાયબર સિક્યુરિટી તથા ફાયર સેફ્ટી અવેરનેસ કાર્યક્રમમાં પણ સ્વયંસેવકોએ જાગૃતિ કેળવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કિરણબેન ચંદ્રવાડીયા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તથા કોલેજ ઓફ એગ્રીકલ્ચરના પ્રિન્સિપાલ ડો. ડી.એસ. કેલૈયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# હીપાવડલી ખાતે આર્મી જવાનોનો સન્માન સમારોહ યોજાયો



અમરેલી,તા.૧૨

હીપાવડલીના સુપ્રસિદ્ધ લટુરિયા હનુમાનજી મંદિર ખાતે મહામંડલેશ્વર જસુબાપુના હસ્તે ૧૯ આર્મી જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભાવેશભાઈ ભુવાએ આર્મી જવાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય જસુબાપુએ વીર સપૂતોને શાલ, ખેસ અને મોમેન્ટો આપી બિરદાવ્યા હતા. રમેશ બાપુના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પ્રસંગે દેશભક્તિના ગીતો સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

# અમરેલીમાં પ્રાકૃતિક ખેતી માટે એક દિવસીય વિશેષ તાલીમ યોજાઈ

અમરેલી, તા.૧૨



અમરેલીમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે કૃષિ સખી-CRP અને ખેડૂતો માટે એક દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. પ્રોજેક્ટ ડિરેક્ટર મહેશ ઝીડે પ્રાકૃતિક ખેતીનું મહત્વ, તેના લાભ અને ખેડૂતની આવક વધારવામાં તેની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં લીલીયા અને અમરેલી તાલુકાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભ, પાક વ્યવસ્થાપન, પોષણ પ્રણાલી અને ખર્ચ ઘટાડવાના ઉપાય અંગે માહિતી આપી. કોલેજ ખાતે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત અને દશપર્ણી અર્ક જેવી ઈનપુટ્સની તૈયારી અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમથી ટકાઉ અને પર્યાવરણમિત્ર ખેતીને પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરાઈ હતી.

# લીલીયામાં ‘સરદાર પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ’ વિષયક રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

અમરેલી, તા.૧૨



લીલીયામાં સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે RUSA (National Higher Education Mission) અને IQACના સંયુક્ત ઉપક્રમ હેઠળ તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ “સરદાર વલ્લભભાઈ પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ” વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. ભારતના “લોખંડી પુરુષ” તરીકે ઓળખાતા સરદાર પટેલના સ્વાતંત્ર્ય આંદોલન, રાષ્ટ્રીય એકતા અને રજવાડાઓના એકીકરણમાં તેમના અવિસ્મરણીય યોગદાન પર વિશદ ચર્ચા કરવામાં આવી. સેમિનારમાં દેશભરના ઈતિહાસવિદો, વિદ્વાનો, અધ્યાપકો અને સંશોધકો હાજર રહ્યા હતા. ખેડા અને બારડોલી સત્યાગ્રહમાં તેમની ભૂમિકા, રાષ્ટ્રીય એકતાના નિર્માણ અંગે મંતવ્યો રજૂ થયા હતા.




## ધામેલ ગ્રામપંચાયત તા.લાઠી, જી.અમરેલી.

### જાહેર હરરાજી અંગેની નિવિદા

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામે ગ્રામપંચાયત કચેરી -ધામેલ દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્ક્યામતનાં ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્ક્યામતની જે તે સ્થીતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનારે રૂા. ૧૦૦૦/- રકમ સ્થળ ઉપર જમા કરાવવી પડશે.

| ક્રમ | અસ્ક્યામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલી અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જર્જરિત આંગણવાડી કેન્દ્ર નં.૯૦ (જુનુ ગામ) | ૧૭/૦૨/૨૦૨૬ | ૧૦-૩૦ કલાકે સવારે | ૧૫૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી ધામેલ |
| ૨ | જર્જરિત આંગણવાડી કેન્દ્ર નં.૯૨ (મફતપરા) | ૧૭/૦૨/૨૦૨૬ | ૧૦-૩૦ કલાકે સવારે | ૧૨૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી ધામેલ |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રીશ્રી — ધામેલ ગ્રામ પંચાયત
સરપંચશ્રી — ધામેલ ગ્રામ પંચાયત

# જાફરાબાદના લોર ગામે કૃમિનાશક ગોળીનું વિતરણ કરવામાં આવ્યું

જાફરાબાદ,તા.૧૨






જાફરાબાદ તાલુકાના લોર ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર કડિયાળીના સેજા હેઠળ કૃમિનાશક ગોળી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લોર ગામની આંગણવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના બાળકો તથા વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળીઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ તાલુકા હેલ્થ ઓફિસર ડો. મયુરભાઈ ટાંક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાગેશ્રીના મેડિકલ ઓફિસર ડો. ભગીરથભાઈ વાઘના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો.

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.19/2026

પ્રતિ
રાઠોડ કરસનભાઈ દેવાભાઈ
રહે. સનવાવ, ગામ-સનવાવ, તા.ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી આર.એન.ગરનારા ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ .........સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ રાઠોડ કરસનભાઈ દેવાભાઈ તથા રાઠોડ પ્રેમીબેન કરસનભાઈના પુત્રી કૈલાસ કરસનભાઈ રાઠોડનો જન્મ તારીખ **14/10/1999**ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા સને-**1999**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૭/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

## -:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.7/2026
મરણ તારીખ : 17/02/1992

શ્રી ઉગાભાઈ મેપાભાઈ રાઠોડ,
રહે.ગીર દેવળી, ગામ-ગીર દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.એન.સોલંકી, કોડીનાર .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરદેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ઉગાભાઈ મેપાભાઈ રાઠોડ, રહે.ગીર દેવળી, ગામ-ગીર દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.માલીબેન મેપાભાઈ રાઠોડનું મરણ તારીખ.**17/02/1992**ના રોજ કોડીનાર તાલુકાના ગીર દેવળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.67/2026

**પ્રતિ,**
શ્રી લલીતકુમાર પીઠાભાઈ મકવાણા,
રહે.પાવટી, ગામ-પાવટી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ડોળાસા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના પાવટી ગામના રહીશ કાનાભાઈ ચીનાભાઈ કાતિરા તથા કલુબેન કાનાભાઈ કાતિરાના પુત્રી અમૃતાબેન કાનાભાઈ કાતિરાનો જન્મ તારીખ **01/01/1973** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ડોળાસા, તાલુકો-કોડીનાર સને.**1973** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.65/2026

**પ્રતિ,**
શ્રી ફીરોજભાઈ હારૂનભાઈ ઢોંકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ફિરોજભાઈ હારૂનભાઈ ઢોંકી તથા જેનમબેન ફિરોજભાઈ ઢોંકીના પુત્ર મગબુલ ફિરોજભાઈ ઢોંકીનો જન્મ તારીખ **15/02/2020** ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.**2020** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ધારીમાં સીએનજી પંપ નજીક આઈસ્ક્રીમ પાર્લરની ગાડીમાં આગ લાગતા લોકોમાં અફરાતફરી

ધારી,તા.૧૨

ધારીની અજંટા સોસાયટી પાસે પાર્ક કરેલી 'છોટા હાથી' ગાડીમાં ચાલતા રાજસ્થાની આઈસ્ક્રીમ પાર્લરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના સીએનજી પંપથી અત્યંત નજીક બની હોવાથી વિસ્તારમાં ભારે અફડાતફડી અને ભયનો માહોલ સર્જાયો હતો. જો આગ પંપ સુધી પ્રસરી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. ધારી નગરપાલિકા પાસે ફાયર ફાઈટરની સુવિધાના અભાવે, પાલિકાના જેટિંગ મશીનનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહન અને સામગ્રી બળીને ખાખ થઈ જતાં મોટું આર્થિક નુકસાન થયું છે. હાલ તંત્ર દ્વારા આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.



**આઈસ્ક્રીમનું વાહન બળી જતા આર્થિક નુકસાન**

# વડીયાના લુણીધારમાં બાઈક ભટકાવવા બાબતે ઠપકો આપતા યુવકનું માથું ફોડ્યું

વડીયા, તા.૧૨

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના લુણીધાર ગામે સામાન્ય અકસ્માત જેવી બાબતમાં મામલો બિચક્યો હતો. સ્કૂલેથી પરત ફરી રહેલા વિદ્યાર્થી સાથે બાઈક અથડાવા બાબતે થયેલી બોલાચાલી બાદ, આરોપીઓએ ઘરે આવી હુમલો કરતા એક યુવકને માથામાં પાંચ ટાંકા આવ્યા હતા અને મહિલાને પણ ઈજા પહોંચી હતી. બનાવ અંગે લુણીધાર ગામે રહેતા અશોકભાઈ ધનજીભાઈ સોલંકી (ઉ.વ.૩૭) એ તેમના જ ગામના નિખીલભાઈ અનીલભાઈ દામોદરા, નયનભાઈ અનીલભાઈ દામોદરા તથા અનીલભાઈ આંબાભાઈ દામોદરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો ભત્રીજો કૌશિક જ્યારે સ્કૂલેથી ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે આરોપી નિખીલભાઈ દામોદરાએ પોતાનું મોટરસાઈકલ કૌશિક સાથે ભટકાવ્યું હતું. આ સમયે આરોપી ગાળો આપી ત્યાંથી જતો રહ્યો હતો. જોકે, આટલેથી વાત પૂરી થઈ ન હતી. થોડા સમય બાદ તમામ આરોપીઓ ઉશ્કેરાઈને ફરિયાદીના ઘરે પહોંચ્યા હતા અને 'કૌશિક ક્યાં છે?' તેમ કહી હોબાળો મચાવ્યો હતો. તેમના ભાભી વચ્ચે પડીને આરોપીઓને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે ઉશ્કેરાયેલા આરોપીએ હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે તેમને ડાબા પગના ઘૂંટણ પર ફટકો મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. આ ઝઘડામાં જ્યારે તેઓ વચ્ચે પડ્યા ત્યારે આરોપીએ લોખંડનો પાઈપ તેમના માથામાં ઝીંકી દીધો હતો. હુમલો એટલો ગંભીર હતો કે તેમના માથાના ભાગે લોહી નીકળવા માંડ્યું હતું અને સારવાર દરમિયાન પાંચ ટાંકા લેવા પડ્યા હતા. હુમલો કર્યા બાદ જતી વખતે આરોપીએ તેમના ભત્રીજા કૌશિકને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરામાંથી યુવક ઈંગ્લીશ દારૂની ૬ બોટલ સાથે ઝડપાયો

**પોલીસે કુલ. ૪૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમેરલી, તા.૧૨

બાબરામાંથી એક યુવક ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૬ બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે દારૂની બોટલો, બાઈક મળી કુલ રૂ. ૪૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લીલીયાના સંધીવાડ વિસ્તારમાંથી ત્રણ લીટર અને સોઢાપરા ગામેથી પ્લાસ્ટીકના બાચકામાંથી ૨૫ લીટર મળી કુલ ૨૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૮ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. લાઠીમાંથી એક યુવક કેફી પીણુ પીધેલી હાલતમાં વાહન ચલાવતા પકડાયો હતો.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૨

ધારી તાલુકાના ચલાલામાં આવેલ ગાયત્રી સંસ્કાર ધામ અને સરકારી આયુર્વેદિક હોસ્પિટલ-સરસિયાના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુર્વેદિક સારવારની સાથે દંત વિભાગ દ્વારા દાંત કાઢવા તેમજ નવા ચોકઠા બેસાડવાની સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત, આંખના રોગોના દર્દીઓને વધુ સારવાર અને ઓપરેશન માટે રાજકોટની રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. સમગ્ર આયોજનમાં ગાયત્રી સંસ્કાર ધામના વડા સંત ડો. રતિદાદા દ્વારા દર્દીઓ માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ આ કેમ્પનું સફળ સંચાલન કર્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિથી સ્થાનિક વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે શ્રેષ્ઠ સારવાર મળી રહેતા સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવી હતી.



# રાજુલાના ખારી ગામે સુરાપુરા દાદાને ચડાવેલા ચાંદીના છતરની ચોરી

રાજુલા, તા.૧૨

રાજુલાના ખારી ગામે સુરાપુરા દાદાને ચડાવેલા ચાંદીના છતરની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે મધુભાઈ એભલભાઈ બુધેલા (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તા.૨૯/૦૧/૨૬ના સાંજના આશરે સાતેક વાગ્યાથી તા.૧૦/૦૨/૨૦૨૬ના સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં ખારી ગામમાં આવેલ સુરાપુરા દાદાની ડેરીમાં સુરાપુરા દાદાને ચડાવેલ ચાંદીના છતર આશરે ૧૨૦ જેની કિં.રૂ.૪૭,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરના હાવતડ ગામેથી બહેનપણીને બોર-મીઠાઈ આપવા જવાનું કહી નીકળેલી યુવતી ગુમ

**હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટે વધુ તપાસ હાથ ધરી**

દામનગર, તા.૧૨

દામનગર પંથકના હાવતડ ગામની એક યુવતી ભેદી સંજોગોમાં ગુમ થઈ હોવાની ઘટના સામે આવી હતી. પોતાની બહેનપણીને મળવા જવાનું કહીને ઘરેથી નીકળેલી યુવતી મોડી સાંજ સુધી પરત ન ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. આ અંગે કલ્પેશભાઈ મુળજીભાઈ મેવાડા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી દિપાલીબેન તારીખ ૧૧/૦૨/૨૦૨૬ના રોજ બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે ઘરેથી નીકળી હતી. તેમણે પરિવારને જણાવ્યું હતું કે તે દામનગર-ભુરખીયા રોડ પર આવેલ રેલવે ફાટક પાસે રહેતી પોતાની બહેનપણીને બોર અને મીઠાઈ આપવા માટે જાય છે. લાંબા સમય સુધી દીકરી પરત ન ફરતા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જોકે કોઈ ભાળ ન મળતાં ચિંતિત બનેલા પરિવારે આ અંગે દામનગર પોલીસને જાણ કરી હતી. હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના સીમરણ ગામે યુવકે શાલથી ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૧૨

અમરેલી જિલ્લામાં આપઘાતના બનાવ દિન-પ્રતિદિન બની રહ્યા છે. યુવતીઓ, સગીર સહિત યુવાનો મોત મીઠુ કરી રહ્યા છે.

સાવરકુંડલાના સીમરણ ગામે એક યુવકે શાલથી ગળાફાંસો ખાતા મરણ પામ્યો હતો. આ અંગે ખાલપર ગામે રહેતા નાથુખાન ઉમરખાન પઠાણ (ઉ.વ.૭૮)એ જાહેર કર્યા મુજબ, ફિરોજખાન મહેબુબખાન પઠાણ (ઉ.વ.૪૦) એ સીમરણ ગામે પોતાના રહેણાંક મકાને અગમ્ય કારણોસર પોતાની મેળે પોતાના ઘરે શાલ (ચાદર) વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**અગમ્ય કારણોસર મોત વ્હાલું કરતા પરિવારમાં શોકનો માહોલ**

# બગસરાના સમઢીયાળા ગામના ખેડૂતની રૂ.૫.૫૦ લાખની કાર બારોબાર પધરાવી દેતા ફરિયાદ

બગસરા, તા.૧૨

બગસરાના સમઢીયાળા ગામના ખેડૂત સાથે વિશ્વાસઘાત કરી રૂ.૫.૫૦ લાખની ફોર વ્હીલ બારોબાર પધરાવી દીધી હતી. આ અંગે સાવરકુંડલાના પુરુષ સામે ફરિયાદ નોંધાવી હતી. સમઢીયાળા ગામે રહેતા અને ખેતીકામ કરતાં જીવરાજભાઈ ભીખાભાઈ ગઢીયા (ઉ.વ.૬૦)એ સાવરકુંડલાના મનુભાઈ નાજાભાઈ સેલાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ તેમની માલિકીની ફોર્ડ ઈન્ડિયા પી.વી.ટી. એલ.ટી.ડી. ઈકોસ્પોર્ટ ૧.૫ ડી.એસ.એલ. ટાઈટેનીયમ (રજી. નં. GJ-13-AB-7744), જેની અંદાજિત કિંમત રૂ.૫,૫૦,૦૦૦ છે, તેને પચાવી પાડવાના ઈરાદે આ ખેલ ખેલ્યો હતો. આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવીને આ કિંમતી ગાડી પોતાની પાસે રાખી લીધી હતી. તેમને અંધારામાં રાખીને આરોપીએ આ ફોર વ્હીલર ગાડી સુરત ખાતે કાર્યરત શ્રી હરિ જ્વેલર્સના કૌશિકભાઈને સોંપી દીધી હતી. જ્યારે તેમને આ બાબતની જાણ થઈ ત્યારે તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારશ
તા.૧૩-૦૨-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૭,
સૂર્યાસ્ત-૦૬:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાઅષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૧૩-૦૨-૨૦૨૬ શુક્રવાર**

- મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે.
- વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે.
- મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે.
- કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે.
- સિંહ: આગળ કોઈ સમય ના મળી શકે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે.
- કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઇચ્છા પુરી થશે.
- તુલા: આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.
- વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે.
- ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટ અને સન્માનનો લાભ મળશે.
- મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે.
- કુંભ: ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.
- મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે.

# માનવ મંદિર આશ્રમમાં ૧૩૧મી મનોરોગી મહિલા સ્વસ્થ, પરિવાર સાથે પુનઃમિલન

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ પર આવેલ માનવ મંદિર આશ્રમમાં વધુ એક મનોરોગી મહિલા સ્વસ્થ થતાં પરિવાર સાથે પુનઃમિલન થયું છે. જેતપુરની રહેવાસી મહિલા ૨૫-૧૦-૨૦૨૫ના રોજ આશ્રમમાં દાખલ થઈ હતી અને સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થતાં આજે તેમના બંને કાકા તેમને તેડી ગયા. છેલ્લા ૧૩ વર્ષથી ભક્તિ બાપુની નિશ્રામાં આશ્રમ કાર્યરત છે, જ્યાં વિવિધ પ્રાંત અને ભાષાઓની ૫૮ જેટલી બહેનો નિવાસ કરે છે. સેવકો અને દાતાઓના સહયોગથી આશ્રમ ચાલે છે અને કોઈ ફરજિયાત ફાળો લેવાતો નથી. પ્રખ્યાત મનોચિકિત્સક ડૉ. વિવેક જોશીની સતત કન્સલ્ટિંગ સેવા અને ભક્તિ બાપુના માર્ગદર્શનથી આશ્રમને નોંધપાત્ર સફળતા મળી છે. અત્યાર સુધી ૧૩૧ મહિલાઓને પુનર્જીવન મળ્યું છે.



# ગાવકડા પ્રા.શાળા ખાતે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો




અમરેલી,તા.૧૨

ગાવડકા પ્રાથમિક શાળા ખાતે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અમરેલી તેમજ ફ્યુચર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આયુષ અવેરનેસ કેમ્પ અંતર્ગત આયુર્વેદનું મહત્વ અને તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જુદી જુદી બીમારીઓ ધરાવતા દર્દીઓએ બહોળી સંખ્યામાં નિદાન અને સારવાર કેમ્પનો લાભ લીધો હતો.

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૧૨/૨૦૨૬

શ્રી કાંતીભાઈ બાલુભાઈ મકવાણા,
રહે.બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ભાવનાબેન કાંતીભાઈ બાલુભાઈ મકવાણાનો જન્મ તા.૨૫/૦૬/૧૯૭૫ના રોજ ગામ/મોજે: બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : જાન્યુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૨૦/૨૦૨૬

શ્રી કાનજીભાઈ રામભાઈ બાર,
રહે.ખજુરી હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખજુરી હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાનજીભાઈ રામભાઈ બારનો જન્મ તા.૦૮/૧૧/૧૯૬૮ના રોજ ગામ/મોજે: ખજુરી હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખજુરી હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૨ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૨૧/૨૦૨૬

શ્રી કાનજીભાઈ રાઘવભાઈ ભેડા,
રહે.વિશળ હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વિશળ હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાનજીભાઈ રાઘવભાઈ ભેડાનો જન્મ તા.૦૧/૦૩/૧૯૬૯ના રોજ ગામ/મોજે: વિશળ હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - વિશળ હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૨ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

તંત્રી લેખ

# ડિજિટલ વ્યસન સામે ઐતિહાસિક મુકદમો

બાળમન અને એલ્ગોરિધમ વચ્ચેનો સંઘર્ષ આજે ચરમ સીમાએ પહોંચ્યો છે. સોશિયલ મીડિયા, ઓનલાઈન ગેમ તથા હજારો પ્રકારની મોબાઈલ એપ્લિકેશનો માસુમ બાળકોથી માંડી યુવાનો અને મોટેરાઓને પણ વ્યસનની બનાવી રહી છે ત્યારે અમેરિકામાં આની સામે કોર્ટમાં કેસ દાખલ થયો છે. એમાં વિશ્વની દિગ્ગજ કંપનીઓને કોર્ટના કઠેડામાં ખડી કરવામાં આવી છે જે ઐતિહાસિક મુકદમો ગણી શકાય. ભારત માટે આ એક ચેતવણી અને તક છે. ભારત સરકાર આ અંગે જાગૃત છે પરંતુ લોકોએ આમાં જનજાગૃતિ દાખવવી જોઈએ અને આ ટાળી ન શકાય તેવા વ્યસન સામે સ્વયં જાગૃત થવું જરૂરી છે. **facebook** અને **instagram**ના માલિકોએ તેના બાળકોને સ્માર્ટફોન હાથમાં નથી આપ્યા તે એક હકીકત છે. આપણે પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને પણ મોંઘાદાટ ફોન અપાવીને તેને સામે ચાલીને ડિજિટલ વ્યસની બનાવી રહ્યા છીએ. આ સ્ટેટસ સિમ્બોલ નથી, ગુલામીનું પ્રતીક છે. આ અંગે અમેરિકામાં દિગ્ગજ કંપનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે જેની અત્યારથી આપણા દેશમાં ચર્ચા થઈ રહી છે. અમેરિકાના લોસ એન્જલસની અદાલતમાં ચાલતો એક કેસ આજે માત્ર એક યુવતીનો ન્યાય મેળવવાનો પ્રયત્ન નથી, પરંતુ સમગ્ર ડિજિટલ યુગ માટે એક અગત્યનો વળાંક બની શકે છે. ૨૦ વર્ષીય યુવતીએ ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ જેવી વિશ્વપ્રખ્યાત સોશિયલ મીડિયા કંપનીઓ સામે આરોપ મૂક્યો છે કે આ પ્લેટફોર્મ્સ જાણી જોઈને બાળકોને વ્યસની બનાવવા માટે રચાયા છે. આ કેસનો મૂળ પ્રશ્ન એટલો જ ગંભીર છે કે શું ટેક કંપનીઓએ ફક્ત નફા માટે બાળકોના મન સાથે રમકડાં જેવો વ્યવહાર કર્યો છે? પીડિતાના વકીલ માર્ક લેનિયરે કોર્ટમાં દલીલ કરતાં જણાવ્યું કે મેટા અને ગૂગલે એવા ડિજિટલ માળખા ઉભા કર્યા છે જે બાળકોના મગજને સતત જોડાઈ રહેવા માટે પ્રેરિત કરે છે. યુવતી બાળપણથી જ રોજના છથી સાત કલાક ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર વિતાવતી હતી. ધીમે ધીમે આ આદત લતમાં ફેરવાઈ ગઈ અને તેની માનસિક તબિયત પર ગંભીર અસર પડી. કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં ૨૦૧૫નો એક ઈમેઈલ પણ સામેલ છે, જેમાં વધુ કમાણી માટે નાની ઉંમરના વપરાશકર્તાઓને ટાર્ગેટ કરવાની ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. જો આ દલીલો સાબિત થાય છે તો એ માત્ર એક કંપનીની જવાબદારીનો પ્રશ્ન નહીં, પરંતુ સમગ્ર ટેક ઉદ્યોગની નૈતિકતા પર સવાલ ઊભો કરશે. આ કેસનું સૌથી મહત્વનું પાસું એ છે કે તે માત્ર વ્યક્તિગત નુકસાનનો મુદ્દો નથી, પરંતુ ડિઝાઈન અને ઈરાદાની જવાબદારીનો મુદ્દો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનું માળખું એવું બનાવવામાં આવે છે કે વપરાશકર્તા વધુમાં વધુ સમય ત્યાં જ વિતાવે. સતત નોટિફિકેશન, અનંત સ્ક્રોલિંગ, લાઈક-શેરની સ્પર્ધા અને રીલ્સ જેવી ટૂંકી વીડિયો સામગ્રી માનસિક રીતે મગજમાં ડોપામિનનું સ્તર વધારતી હોય છે. બાળકો અને કિશોરોમાં તો આ અસર વધુ ઊંડી હોય છે, કારણ કે તેમનું મગજ હજી વિકસિત થઈ રહ્યું હોય છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું કંપનીઓએ જોખમ જાણતા હોવા છતાં યોગ્ય નિયંત્રણો ન લગાવ્યા? આ કેસ અમેરિકાની અન્ય અદાલતોમાં ચાલી રહેલા હજારથી વધુ કેસો માટે માર્ગદર્શક બની શકે છે. જો અદાલત કંપનીઓને જવાબદાર ઠરાવે છે, તો તેઓને ડિઝાઈનમાં ફેરફાર કરવા પડશે, નાની ઉંમરના વપરાશકર્તાઓ માટે મર્યાદા લાવવી પડશે અને કદાચ વળતર પણ ચૂકવવું પડશે. આ નિર્ણય ટેક ઉદ્યોગ માટે કડક સંદેશો આપી શકે છે કે માત્ર નફો જ અંતિમ લક્ષ્ય ન હોવું જોઈએ.

# એર ટેક્સી ગુજરાતના નાના મોટા શહેરોને એર કનેક્ટિવિટી આપશે


પ્રાસંગિક
સુરેશ દેસાઈ



ટેક્સી હંમેશા રસ્તા પર ચાલતી હોય છે પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી હવે આકાશમાં ઉડતી ટેક્સીની સર્વિસ વિદેશમાં ચાલુ જ છે અને ગુજરાતમાં ટૂંક સમયમાં નાના મોટા નવ જેટલા શહેરોમાં તે શરૂ થવાની છે. આવી પરિસ્થિતિમાં ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ ટેક્નોલોજી, જેને **eVTOL** કહેવામાં આવે છે, પરિવહન ક્ષેત્રમાં નવી દિશા દર્શાવે છે. એર ટેક્સી એ નાના વ્યાપારી વિમાનનું એક સ્વરૂપ છે, જે માંગ મુજબ ટૂંકા અંતરની ફ્લાઈટ સેવા આપે છે અને રનવે વિના સીધી ઊભી ઉડાન ભરી શકે છે તેમજ ઉતરી શકે છે. આ ટેક્નોલોજી અદ્યતન હવાઈ પરિવહન એટલે કે એડવાન્સ્ડ એર મોબિલિટીનો મહત્વપૂર્ણ ભાગ છે, જે ખાસ કરીને અર્બન એર મોબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારત જેવા દેશોમાં, જ્યાં રોજિંદી મુસાફરીમાં કલાકોનો સમય ટ્રાફિકમાં વેડફાઈ જાય છે, ત્યાં એર ટેક્સી ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. કહેવાય છે કે ૯૦ મિનિટની સફર માત્ર ૭ થી ૧૦ મિનિટમાં પૂરી થઈ શકે છે. આ કારણે સમય બચત ઉપરાંત કાર્યક્ષમતામાં પણ વધારો થશે. ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝ અને આર્ચર એવિએશન જેવી કંપનીઓ ભારતમાં ઓલ-ઈલેક્ટ્રિક એર ટેક્સી સેવા શરૂ કરવાની યોજના બનાવી રહી છે, જે આગામી સમયમાં હકીકત બની શકે છે. એરપોર્ટ પરથી બહાર નીકળતાં જ ટેક્સી બુકિંગમાં થતી લૂંટ અને મુસાફરોની મજબૂરીનો ફાયદો ઉઠાવતી ખાનગી કંપનીઓની મનમાની હવે બંધ થશે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા **(AAI)** એ સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ 'ભારત ટેક્સી' સેવા સુરત, વડોદરા, રાજકોટ, ભુજ સહિત ૯ એરપોર્ટ પર શરૂ થશે, જે મુસાફરોને સસ્તી અને ફર્સ્ટ ક્લાસ મુસાફરી આપશે. એર ટેક્સી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક મોટર્સ અને બહુવિધ પ્રોપેલર્સ પર આધારિત છે. તે હેલિકોપ્ટરની જેમ ઊભી ઉડાન ભરે છે, હોવર કરી શકે છે અને સલામત રીતે જમીન પર ઉતરી શકે છે. પરંપરાગત વિમાનથી અલગ, તેને લાંબા રનવેની જરૂર પડતી નથી. નાનાં હેલિપેડ, ઈમારતોની છત પરના વર્ટિપોર્ટ અથવા ખુલ્લી જગ્યા પરથી તેનું સંચાલન શક્ય બને છે. તેમાં અદ્યતન એઆઈ સિસ્ટમ, **GPS** અને આધુનિક સેન્સર્સ લાગેલા હોય છે, જે ટકરાવ ટાળવા, માર્ગ નિર્ધારિત કરવા અને ઓટોમેટિક નેવિગેશનમાં મદદરૂપ બને છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમાં રિડંડન્ટ સિસ્ટમ્સ અને સતત મોનિટરિંગની સુવિધા પણ હોય છે. ભારતમાં સરલા એવિએશન જેવી કંપનીઓ 'શુન્યા' જેવા મોડલ વિકસાવી રહી છે, જે આશરે ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ૧૬૦ કિલોમીટર સુધીની રેન્જ આપી શકે છે. કેટલાક મોડલમાં ચારથી છ મુસાફરો સાથે એક પાયલટ બેસી શકે છે અને નોંધપાત્ર પેલોડ ક્ષમતા ધરાવે છે. આ એર ટેક્સી મુસાફરો ઉપરાંત તબીબી ઈમર્જન્સી, કાર્ગો ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ અને ચાર્ટર સેવાઓ માટે પણ ઉપયોગી બની શકે છે. આવી બહુઉપયોગી ક્ષમતા તેને ભવિષ્યના શહેરી પરિવહન માટે આદર્શ બનાવે છે. વિશ્વભરમાં પણ એર ટેક્સી ક્ષેત્રે ઝડપી પ્રગતિ થઈ રહી છે. અમેરિકા, જાપાન અને યુએઈ જેવા દેશોમાં અનેક સ્ટાર્ટઅપ્સ અને એવિએશન કંપનીઓ પરીક્ષણો અને વ્યાવસાયિક સેવાઓ શરૂ કરવાની દિશામાં આગળ વધી રહી છે. કેટલીક આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં **eVTOL** વિમાનોનું પ્રદર્શન પણ થયું છે, જે દર્શાવે છે કે આ ટેક્નોલોજી હવે કલ્પના નથી રહી, પરંતુ વાસ્તવિકતા તરફ આગળ વધી રહી છે. વૈશ્વિક સ્તરે ગ્રીન એનર્જી અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં ચાલી રહેલા પ્રયાસો સાથે એર ટેક્સી સંપૂર્ણ રીતે સુસંગત છે. એર ટેક્સીના મુખ્ય ફાયદાઓમાં સૌથી મોટો ફાયદો સમય બચત છે. રોજિંદા કલાકોની મુસાફરીને મિનિટોમાં પરિવર્તિત કરી શકાય છે. ઈલેક્ટ્રિક બેટરીથી સંચાલિત હોવાથી તેમાં પરંપરાગત ઈંધણનો ઉપયોગ થતો નથી અને કાર્બન ઉત્સર્જન લગભગ શૂન્ય રહે છે, જે પર્યાવરણ માટે અનુકૂળ છે. જો તેની કિંમત સામાન્ય ટેક્સી જેવી જ રહે, તો મધ્યમવર્ગ માટે પણ આ સેવા ઉપલબ્ધ બની શકે છે. શહેરી વિસ્તારોમાં ઝડપી અને સીધી કનેક્ટિવિટી શહેરોના આર્થિક વિકાસને પણ વેગ આપશે. તેમ છતાં, એર ટેક્સીના વિકાસમાં કેટલાક પડકારો પણ છે. યોગ્ય નિયમન, સુરક્ષા ધોરણો, બેટરી ટેક્નોલોજીમાં સુધારો અને વર્ટિપોર્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સમય અને રોકાણની જરૂર છે. ભારતમાં ડીજીસીએ અને અન્ય સંબંધિત સત્તાઓ દ્વારા નિયમનાત્મક માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. શરૂઆતના તબક્કામાં માનવ પાયલટ જરૂરી રહેશે, પરંતુ ભવિષ્યમાં સંપૂર્ણ ઓટોનોમસ ફ્લાઈટ શક્ય બનશે, જે સુરક્ષા અને કાર્યક્ષમતામાં વધુ વધારો કરશે. આગામી વર્ષોમાં ભારતના મહાનગરો જેમ કે મુંબઈ, દિલ્હી અને બેંગલુરુમાં એર ટેક્સી સેવા શરૂ થવાની સંભાવના છે. ત્યારબાદ અન્ય શહેરો અને રાજ્યોમાં પણ તેનું વિસ્તરણ થશે. ગુજરાત જેવા ઉદ્યોગપ્રધાન રાજ્ય માટે પણ આ ટેક્નોલોજી નવા અવસર ઊભા કરી શકે છે. ટૂરિઝમ, માર્કેટિંગ, લોજિસ્ટિક્સ અને ઈમર્જન્સી સેવાઓમાં એર ટેક્સી એક મોટું પરિવર્તન લાવી શકે છે. આ રીતે એર ટેક્સી માત્ર એક નવી પરિવહન સેવા નથી, પરંતુ શહેરી જીવનશૈલીમાં પરિવર્તન લાવનાર નવી ક્રાંતિ છે. સમય બચત, પર્યાવરણ સંરક્ષણ અને ટેક્નોલોજીનો સમન્વય તેને ભવિષ્યનું પરિવહન સાધન બનાવે છે. યોગ્ય આયોજન અને સુરક્ષિત અમલીકરણ સાથે એર ટેક્સી આગામી દાયકામાં આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બની શકે છે.

**એર ટેક્સી આધુનિક હવાઈ પરિવહનનું એક ક્રાંતિકારી સ્વરૂપ છે, જે ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વધતા ટ્રાફિક જામ અને સમયની બરબાદી જેવી સમસ્યાઓનો અસરકારક ઉકેલ આપે છે. વધતી વસ્તી અને શહેરોના વિસ્તરણ સાથે રસ્તાઓ પર હેવી ટ્રાફિકને હળવો કરવામાં ભાગ ભજવશે.**

## શબ્દ સંજોગ-૨૧૪૮



**આડી ચાવી :**
(૧) ભારતની એક નદી (૪)
(૩) સૂતરને પાંજણ પાનાર (૪)
(૫) પાણીની કોઠી (૨)
(૬) ચઢેલુ મોં (૩)
(૮) ચુદ્રચુડસિંહની એક ફિલ્મ (૩)
(૧૦) સરસ છે લખી નાખો (૩)
(૧૨) એક ફળ (૪)
(૧૪) ખુશ કરવું તે (૩)
(૧૬) શબ્દ કે વાક્યનો ક્રમ (૨)
(૧૭) સ્મરણ, શુદ્ધિ (૨)
(૧૯) નુકસાન, પાયમાલી (૨)
(૨૦) આવવું-જવું તે (૩)
(૨૧) પતિ, ધણી (૨)
(૨૨) માન બક્ષિશ (૪)
(૨૪) રાજેશ ખન્નાની એક ફિલ્મ (૨)
(૨૫) રમણ, પતિ (૨)

**ઉભી ચાવી :**
(૧) એક અભિનેતા (૩)
(૨) હવામાન (૩)
(૩) શા માટે, શું કામ ? (૨)
(૪) ઢોરનો એક રોગ (૩)
(૫) લંગર, નાંગળ (૩)
(૭) ગરમ ચા આમાં ભરો (૩)
(૯) સઘળું, તમામ (૨)
(૧૦) પતિવ્રતા (૨)
(૧૧) એક પક્ષી (૩)
(૧૨) લાંબી પોલી નળી (૨)
(૧૩) પ્રસિધ્ધ સંસ્કૃત વૈયાકરણી (૩)
(૧૫) પોષણ, ગુજારો (૩)
(૧૬) એક અટક (૩)
(૧૮) નાજુકાઈ (૪)
(૧૯) શરીરનો એક અવયવ (૨)
(૨૦) સામન્ય (૨)
(૨૧) બ્રહ્મા (૨)
(૨૨) ગમન ન કરી શકે તેવું (૫)
(૨૩) દેશ (૨)

## શબ્દ સંજોગ-૨૧૪૭ જવાબ

**આડી ચાવી :** (૧) હનુમાન (૪) કવન (૬) રસ (૭) ઈમારત (૧૦) ખોલ (૧૨) ભોજન (૧૪) સવામણ (૧૬) ભોર (૧૭) કસરત (૧૯) ભુજ (૨૦) રજકો (૨૧) ખંજન (૨૨) અર (૨૩) શાળા (૨૪) શું (૨૫) જવ (૨૬) છોગાળા (૨૭) શુકનિયાળ (૨૮) મા.
**ઉભી ચાવી :** (૧) હર (૨) નુસખો (૩) નઈ (૪) કરજણ (૫) વતન (૮) માભોમ (૯) સિંદુર (૧૧) લસરકો (૧૩) મકર (૧૫) વાત (૧૬) ભોજનશાળા (૧૮) સજન (૧૯) ભુજ (૨૨) અવનિ (૨૫) જક (૨૬) છોળ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૯૦ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૧૦૩૪ | ૧૨૧૬ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૨૩૫ | ૩૩૦ |
| મકાઇ | ૨૫૧ | ૩૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૮૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૦૮૫ | ૧૮૬૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૩૫૦ |
| ચોળી | ૯૨૫ | ૧૨૨૧ |
| મઠ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૮૫૦ | ૧૩૨૦ |
| રાજમા | ૧૨૫૦ | ૧૭૩૫ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૬૫ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૫૭૮ |
| તલી | ૧૭૦૦ | ૨૦૬૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૭૩ |
| અજમો | ૧૪૦૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૫૨ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૭૬૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૪૫૪ |
| લસણ | ૯૫૦ | ૧૭૭૪ |
| ધાણા | ૧૪૭૦ | ૨૦૫૦ |
| મરચા સુકા | ૩૬૫૦ | ૬૪૨૫ |
| ધાણી | ૧૫૫૦ | ૨૩૬૦ |
| વરીયાળી | ૭૬૦ | ૧૫૦૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૭૦૦ |
| રાય | ૧૦૨૦ | ૧૨૮૮ |
| મેથી | ૯૦૦ | ૧૩૩૨ |
| ઇસબગુલ | ૨૩૬૧ | ૨૩૬૧ |
| રાયડો | ૯૪૦ | ૧૨૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૪૭ | ૮૯૩ |
| પપૈયા | ૯૦ | ૧૫૦ |
| બટેટા | ૯૮ | ૨૦૧ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૭૧ |
| ટમેટા | ૧૨૯ | ૨૩૩ |
| સુરણ | ૭૧૨ | ૯૦૮ |
| કોથમરી | ૧૦૬ | ૧૬૯ |
| સકરીયા | ૩૧૧ | ૫૧૨ |
| મુળા | ૪૧૩ | ૬૦૨ |
| રીંગણા | ૨૮૯ | ૫૮૬ |
| કોબીજ | ૬૬ | ૧૦૨ |
| ફ્લાવર | ૨૨૩ | ૩૬૧ |
| ભીંડો | ૬૧૪ | ૧૧૮૦ |
| ગુવાર | ૧૩૩૬ | ૨૧૨૭ |
| ચોળાસીંગ | ૭૬૧ | ૧૩૮૮ |
| વાલોળ | ૩૩૨ | ૫૧૮ |
| ટીંડોરા | ૪૯૩ | ૮૩૨ |
| દુધી | ૨૨૪ | ૩૯૭ |
| કારેલા | ૮૦૨ | ૧૧૬૯ |
| સરગવો | ૬૩૩ | ૧૨૩૦ |
| તુરીયા | ૭૬૭ | ૧૧૦૯ |
| પરવર | ૧૪૧૦ | ૧૮૧૨ |
| કાકડી | ૫૦૧ | ૬૮૭ |
| ગાજર | ૨૧૮ | ૩૯૭ |
| વટાણા | ૪૨૯ | ૬૦૮ |
| તુવેરસીંગ | ૫૨૫ | ૭૧૮ |
| ગલકા | ૬૧૪ | ૧૦૧૧ |
| બીટ | ૧૦૦ | ૨૨૦ |
| મેથી | ૧૫૮ | ૨૦૮ |
| વાલ | ૬૨૫ | ૮૦૨ |
| ડુંગળી લીલી | ૨૧૨ | ૩૨૧ |
| આદુ | ૧૧૨૦ | ૧૩૨૪ |
| ચણા લીલા | ૧૧૨ | ૨૫૦ |
| મરચા લીલા | ૫૧૭ | ૭૦૨ |
| હળદર લીલી | ૩૨૧ | ૫૨૯ |
| લસણ લીલું | ૬૮૯ | ૯૭૯ |
| મકાઇ લીલી | ૧૭૯ | ૩૦૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૪૬ |
| ઘઉં લોકવન | ૪૩૨ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૪૬ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૫૮૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૬૫૧ |
| ધાણા | ૧૧૦૦ | ૨૨૭૬ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૮૧ |
| અડદ | ૭૫૧ | ૧૭૨૧ |
| મઠ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તુવેર | ૭૦૧ | ૧૬૦૧ |
| રાય | ૭૫૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૮૧ | ૧૧૩૧ |
| કાંગ | ૪૮૧ | ૫૯૧ |
| ગુવાર બી | ૩૯૧ | ૩૯૧ |
| મગફળી જાડી | ૧૦૧૧ | ૧૫૬૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૧૧ |
| મગફળી ૬૬ | ૧૪૯૧ | ૧૫૬૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૨૦૧ |
| ધાણી | ૧૨૦૧ | ૨૯૫૧ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૨૮૧ |
| બાજરો | ૩૫૧ | ૩૫૧ |
| જુવાર | ૧૧૯૧ | ૧૨૫૧ |
| મગ | ૧૩૫૧ | ૧૭૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૭૬ |
| વાલ | ૭૨૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૧૧૮૧ | ૧૨૬૧ |
| સોયાબીન | ૯૪૧ | ૧૦૨૧ |
| અજમાં | ૧૬૨૬ | ૧૬૨૬ |
| ગોગળી | ૧૦૦૧ | ૧૧૫૧ |
| વટાણા | ૯૦૧ | ૧૨૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૪૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૮૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૮૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| અંબાળા | ૮૦૦ | ૧૦૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૪૦ |
| ફણશી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૫૫ | ૧૪૯૫ |
| શિંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૫૮૫ |
| શિંગ મોટી | ૧૦૯૦ | ૧૫૭૦ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૨૦૯૫ |
| શિંગદાણા ફાડા | ૧૨૮૦ | ૨૦૪૦ |
| તલ સફેદ | ૯૦૦ | ૨૧૫૫ |
| તલ કાળા | ૧૭૦૦ | ૨૬૦૦ |
| જુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૫ |
| ચણા | ૬૯૦ | ૧૦૫૫ |
| છોલે ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| તુવેર | ૭૦૦ | ૧૫૮૫ |
| કપાસ | ૯૧૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૭૫ |
| ધાણા | ૧૫૫૦ | ૧૮૫૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૨૪૦ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૧૦ |
| મરચા લાંબા | ૨૪૪૦ | ૭૨૦૦ |
| કાંગ | ૩૦૫ | ૩૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૨૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શકકરીયા | ૩૪૦ | ૪૯૦ |
| ટમેટાં | ૧૧૦ | ૨૨૦ |
| સુરણ | ૮૦૦ | ૯૧૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૭૫૦ | ૮૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૨૧૦ | ૫૩૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૩૦૦ |
| વાલોળ | ૨૨૦ | ૩૧૦ |
| વટાણા | ૫૦૦ | ૫૬૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૭૫૦ | ૯૦૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૨૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૧૦ | ૨૭૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૩૦ |
| બીટ | ૨૦૦ | ૨૯૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૫૦ | ૧૦૫૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૩૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૩૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૫૦ |
| લસણ સુકું | ૧૦૮૦ | ૨૧૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૨૦ |
| લીબુ | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૭૫ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૨૦ | ૧૫૪૮ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૫૩૨ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૬૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૦ |
| બાજરો | ૫૦૦ | ૬૦૫ |
| જુવાર | ૭૦૦ | ૧૧૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| રાય / રાયડો | ૧૨૦૦ | --- |
| ધાણા | ૧૬૦૦ | ૨૦૦૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૦ |
| અજમાં | ૨૧૨૦ | --- |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૫૦ | ૧૨૯૦ |
| ઘઉં | ૫૦૩ | ૫૦૩ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૧૨ |
| તુવેર સફેદ | ૧૨૧૧ | ૧૫૧૫ |
| ધાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| બાજરો | ૩૯૫ | ૩૯૫ |
| શીંગ દાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૨૩ |
| ઘઉં ટુકડા | ૪૮૩ | ૪૮૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૨ |
| ચણા | ૯૯૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૧૪ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| સોયાબીન | ૮૪૫ | ૧૦૨૦ |
| મગફળી | ૧૧૫૫ | ૧૨૫૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૩૨૦ | ૧૪૭૫ |
| જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૪૮૦ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૧૭૯૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૯૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૬૫ |
| તુવેર | ૯૮૦ | ૧૪૯૦ |
| ધાણા | ૯૨૦ | ૧૮૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૩ |
| બાજરો | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૮૧ |
| મગફળી | ૯૦૦ | ૧૩૧૬ |
| શીંગ ફાડા | ૧૪૦૧ | ૧૬૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૨૧ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૨૦૧ |
| ધાણા | ૧૨૦૧ | ૧૮૪૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૧ |
| **મહુવા** | | |
| જુવાર | ૯૫૦ | ૯૫૯ |
| બાજરી | ૩૪૯ | ૬૦૪ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૬૦ |
| મકાઈ | ૩૮૦ | ૩૮૦ |
| અડદ | ૭૮૪ | ૯૦૦ |
| મગ | ૪૦૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૯૨૬ | ૯૨૬ |
| ચણા | ૯૫૦ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૮૯૪ | ૧૮૯૪ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૯૨૫ | ૧૫૭૧ |
| જીરૂ | ૯૦૧ | ૩૭૬૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૭ |
| ડુંગળી સફેદ | ૨૧૭ | ૨૯૭ |
| ડુંગળી સફેદએક્સ | ૨૯૮ | ૪૭૦ |
| નાળીયેર | ૪૩૫ | ૨૬૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૨૦ | ૧૪૮૦ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૪૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૪૫ |
| રાય | ૧૦૫૦ | ૧૧૫૫ |
| રાયડો | ૮૫૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૪૩ |
| જુવાર | ૯૫૦ | ૧૨૩૫ |
| અડદ | ૯૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૨૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૮ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કાંગ | ૪૨૫ | ૫૯૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૧ | ૧૫૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૯૦૧ |
| સફેદ તલ | ૧૯૨૧ | ૧૯૨૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૬૫ |
| મેથી | ૮૫૨ | ૮૫૨ |
| જીરૂ | ૩૩૯૯ | ૩૩૯૯ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૦૦ | ૧૧૨૫ |
| બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૨ |
| મગ | ૧૨૦૦ | ૧૩૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૦૫ |
| મેથી | ૯૫૦ | ૧૩૨૧ |
| ચણા | ૮૯૦ | ૧૧૩૦ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૧૦ |
| એરંડા | ૯૦૦ | ૧૨૧૧ |
| તલ | ૧૮૦૦ | ૧૯૩૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૨૫ |
| લસણ | ૧૦૨૫ | ૧૫૫૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૧૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૩૨૫ |
| અજમો | ૧૩૭૫ | ૫૬૭૫ |
| અમજમાની ભૂસી | ૧૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૬૫ |
| મરચા | ૧૬૦૦ | ૬૮૦૫ |
| ડુંગળી | ૫૦ | ૨૯૦ |
| વટાણા | ૫૦૦ | ૧૩૭૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખાનગીકરણ અને વીજળી (સુધારા) બિલના વિરોધમાં હજારો વીજ કર્મચારીઓ દ્વારા દેખાવ યોજાયા

અમરેલી,તા.૧૨

ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ હેઠળના સમગ્ર ગુજરાત રાજ્યની સાતેય ઊર્જા કંપનીઓના જિલ્લા સ્તરે લાખો વીજ કર્મચારીઓએ આજે ખાનગીકરણ અને વીજળી (સુધારા) બિલના વિરોધમાં સૂત્રોચ્ચાર કરીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરત સાથે સમગ્ર રાજ્યના તમામ જિલ્લા સ્તરે ખૂબ જ બહોળી સંખ્યામાં કર્મચારીઓ /અધિકારીઓએ મોટી સંખ્યામાં ઓફિસોની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર




કરી વિરોધ નોંધવ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે, જો સંસદના બજેટ સત્ર દરમિયાન વીજળી (સુધારા) બિલ પસાર કરવાનો કોઈ પ્રયાસ કરાશે તો તેની તીવ્ર પ્રતિક્રિયા આવશે. સંકલન સમિતિ હેઠળના બંને યુનિયનના આશરે ૪૫૦૦૦ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા ઉગ્ર લડત માટેનો નિર્ણય લેવાની ફરજ પડશે અને ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન દ્વારા નક્કી કરવામાં આવતા નિર્ણયને ટેકો આપવાની ફરજ પડશે જેનાથી જે કોઈ વિક્ષેપ ઊભો થશે તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. તેમણે જણાવ્યું હતું કે આ હડતાળ વીજળી ક્ષેત્રના ખાનગીકરણના વિરોધમાં છે, જેમાં વીજળી (સુધારા) બિલ ૨૦૨૫ અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય વીજળી નીતિ ૨૦૨૬ પાછી ખેંચવાની, ખાનગીકરણ પ્રક્રિયા રદ કરવાની અને વીજ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવાની માંગણી કરવામાં આવી છે.

વીજળી ક્ષેત્રમાં નિયમિત કાર્યનું વ્યાપક આઉટસોર્સિંગ છે. મુખ્ય માંગણીઓમાં આઉટસોર્સિંગ પર પ્રતિબંધ, નિયમિત પદો પર સીધી ભરતી અને આઉટસોર્સ્ડ કર્મચારીઓને નિયમિત કરવાનો સમાવેશ થાય છે.

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન અને સંકલન સમિતિ હેઠળના બંને યુનિયન/ એસોસિએશને ચિંતા વ્યક્ત કરી છે કે વીજળી ક્ષેત્રનું ખાનગીકરણ (ટીબીસીબી દ્વારા વિતરણ, ઉત્પાદન અને ટ્રાન્સમિશન) ગરીબ ગ્રાહકો, નાના અને મધ્યમ કદના સાહસો અને સામાન્ય લોકોના હિતની વિરુદ્ધ છે. તેથી, વીજળી (સુધારા) બિલ ૨૦૨૫ અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય વીજળી નીતિ ૨૦૨૬ તાત્કાલિક પાછી ખેંચી લેવી જરૂરી છે.

# કોડીનારની બે દીકરીઓએ 'બાલ વિદ્વાન' એવોર્ડ સાથે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

કોડીનાર,તા.૧૨

ઐતિહાસિક રેકોર્ડની સિદ્ધિ મેળવનાર દીકરીઓમાં કોડીનાર તાલુકાના મૂળ કાજ ગામના ખેડૂત વજુભાઈ દુર્લભભાઈ પરમારની ધોરણ ૨માં અભ્યાસ કરતી પૌત્રી મૈત્રી રોહિતભાઈ પરમાર અને કોડીનારમાં દરજી કામ કરતા ગીતા ટેઈલર વાળા રમેશભાઈ ગાંડાભાઈ ચૌહાણની ધોરણ ૪માં અભ્યાસ કરતી પૌત્રી આરાધ્યા પંકજભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે.

આ બંને દીકરીઓએ BAPS



સ્વામિનારાયણ સંસ્થાના ગુરુ મહંત સ્વામી મહારાજ લિખિત 'સત્સંગ દીક્ષા' ગ્રંથના સંપૂર્ણ ૩૧૫ સંસ્કૃત શ્લોકો સુંદર રીતે કંઠસ્થ કર્યા હતા. ગત બીજી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વડોદરા મુકામે પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૯૨મા જન્મ જયંતી પ્રસંગે 'મિશન રાજીપો' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા લાખો હરિભક્તોની ઉપસ્થિતિમાં ૧૨,૭૨૩ જેટલા બાળકોએ આ ૩૧૫ શ્લોકોનું સંસ્કૃત ભાષામાં ગાયન કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. આ ઐતિહાસિક રેકોર્ડમાં કોડીનારની આ બંને દીકરીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# સોમનાથમાં યોજાયેલ નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની બહેનોનું ઐતિહાસિક પ્રદર્શન

અમરેલી,તા.૧૨

સોમનાથ મુકામે તારીખ ૧૯ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૬૯મી ઓલ ઈન્ડિયા અંડર-૧૭ બહેનોની નેશનલ કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની DLSS ખેલાડીઓએ ગુજરાત રાજય તરફથી ભાગ લઈ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. દેશભરના અલગ-અલગ રાજ્યોની





શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમો વચ્ચે યોજાયેલ આ સ્પર્ધામાં ટીમે ફાઈનલ સુધીની સફર સફળ બનાવી સુવર્ણ પદક મેળવી ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિમાં અમરેલી જિલ્લાના ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ની બે પ્રતિભાશાળી ખેલાડીઓ હિરલ લાલજીભાઈ બલદાણીયા અને નિધી દિનેશભાઈ બારૈયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીના જેસીંગપરામાં ફોરવ્હીલમાં આગ: ફાયર બ્રિગેડની તાત્કાલિક કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી

અમરેલી,તા.૧૨

આજ રોજ સાંજે અંદાજે ૭:૦૦ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ મળી હતી કે શહેરના જેસીંગપરા વિસ્તારની શેરી નંબર ૫માં એક ફોરવ્હીલમાં ફ્યુઅલ ટેન્ક સાથે જોડાયેલી ગેસ બોટલ ફાટતાં આગ લાગી છે. જાણ મળતાં જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ



અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ટીમે તરત જ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો. વાહનમાં એસિડ અને ફિનાઈલ જેવી જ્વલનશીલ વસ્તુઓ હોવાને કારણે શરૂઆતમાં આગ કાબૂમાં લેવા મુશ્કેલી પડી હતી. છતાં ફાયર બ્રિગેડની સૂઝબૂઝ અને ઝડપી કામગીરીથી આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.

ફાયર બ્રિગેડે આગને નજીકના રહેણાંક મકાન સુધી ફેલાતી અટકાવી મોટી દુર્ઘટના ટાળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

# કોડીનારના ડોળાસા ગામે હાર્ડવેરના વેપારી ઉપર જીવલેણ હુમલો

**બનાવના વિરોધમાં આજે ડોળાસાના વેપારીઓ દુકાનો બંધ રાખી રેલીમાં જોડાશે**

કોડીનાર,તા.૧૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગત રાત્રિના સાડા બાર વાગ્યે ઊનાના કેટલાક માથાભારે ઈસમોએ ગામના પ્રતિષ્ઠિત વેપારી દિલીપભાઈ મોરી ઉપર જીવલેણ હુમલો કરતા સનસનાટી મચી ગઈ છે. દેવાંગ હાર્ડવેર નામથી દુકાન ચલાવતા દિલીપભાઈ જેઠાભાઈ મોરી (ઉં. વર્ષ ૪૫) ગત રાત્રે ઉના હાઈવે ઉપર આવેલી પોતાની વાડીએ ગયા હતા. ત્યાંથી રાત્રે સાડા બાર વાગ્યે ઘરે જવા મોટરસાયકલ પર નીકળ્યા હતા. રોડ ઉપર


તસવીર : ધર્મેશ પાઠક

પહોંચ્યા જ્યાં એક સફેદ સ્કોર્પિયો કાર પડી હતી. જેની લાઈટો ચાલુ અને દરવાજા ખુલ્લા હતા. દિલીપભાઈએ આ ચાલકને કહ્યું દરવાજા અને લાઈટ તો બંધ કરો. બસ આ સામાન્ય બાબતે આ માથાભારે ઈસમો ઉશ્કેરાઈ ગયા અને લોખંડના પાઈપ અને લાકડી વડે દિલીપભાઈ મોરી ઉપર તૂટી પડ્યા હતા. આ ગાડીમાં ચાર ઈસમો પૈકી ત્રણ લોકોએ દિલીપભાઈને બેરહેમીથી માર માર્યો હતો જ્યારે એક શખ્સ ગાડીમાં જ બેઠો હતો. આ ઘટનાની જાણ લોકોને આ માથાભારે શખ્સો નાસી ગયા હતા. લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દિલીપભાઈને કોડીનારની વાળા હોસ્પિટલમાં ખસેડેલ જ્યાં દિલીપભાઈના બંને પગમાં ટાંકા લેવા પડ્યા હતા. પોલીસ તપાસ દરમ્યાન આ સ્કોર્પિયો કારના નંબર ( GJ ૩૩ AA ૫૬૮૦ ) છે અને તેમાં બેઠેલા ચાર શખ્સો પૈકી એકનું નામ નિલય ઉર્ફે ભૂરો હોવાનું જણાયું હતું. કોડીનાર તાલુકાના ડોળાસા ગામે એક વેપારી ઉપર ઉનાના કેટલાક માથાભારે ઈસમોએ જીવલેણ હુમલો કર્યાની ઘટનાના આજે ડોળાસા ગામ કોડીનાર તાલુકો અને ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. બનાવના વિરોધમાં ડોળાસા ગામના વેપારીઓ ધંધા રોજગાર બંધ રાખી રેલીના રૂપમાં મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન જશે જ્યાં જવાબદાર અધિકારીઓને રજૂઆત કરશે. બનાવના વિરોધમાં આજે ડોળાસાના તમામ વેપારીઓ દુકાનો બંધ રાખી રેલીમાં જોડાશે.

# ચલાલામાં ૧૭ ફેબ્રુઆરીએ વિરાટ હિન્દુ મહાસંમેલન, તૈયારીઓ તેજ

ચલાલા,તા.૧૨

આરએસએસની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ૧૭ ફેબ્રુઆરીએ સવારે ૯:૦૦ વાગ્યે આર.કે.એમ.એમ. હાઈસ્કૂલના પટાંગણમાં "શ્રી દાનેવ વિરાટ હિન્દુ મહાસંમેલન" યોજાશે. કાર્યક્રમની તૈયારીઓ માટે ભીમનાથ મહાદેવ મંદિરે બેઠક યોજાઈ, જેમાં જિલ્લા કાર્યવાહક સૌરભભાઈ મકવાણાના માર્ગદર્શન



હેઠળ અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયાની ઉપસ્થિતિ રહી. મંત્રી સંદીપભાઈ પાનસુરીયાએ જણાવ્યું કે સંમેલનમાં સાધુ-સંતો, મહંતો, યુવાનો અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહેશે. સ્વામી નિત્યશુદ્ધાનંદ સરસ્વતી, કમલેશભાઈ રાદડિયા સહિતના મહાનુભાવો માર્ગદર્શન આપશે. હજારો લોકો એક પંગતમાં ભોજન પ્રસાદ લેશે. શહેરમાં ધજા-પતાકા અને બેનરો દ્વારા સજાવટ થશે તેમજ અંદાજે ૫,૦૦૦ પરિવારોને વ્યક્તિગત નિમંત્રણ પાઠવાશે. પંચ પરિવર્તનના સંદેશ સાથે વિવિધ સમિતિઓ તૈયારીઓમાં વ્યસ્ત છે.

# ઉનાના સનખડાની શાળામાં ઝેરી મધપૂડો દૂર થતા વિદ્યાર્થીઓને રાહત

ઉના,તા.૧૩

ઉના તાલુકાના સનખડા ગામની કુમાર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં આવેલા એક વૃક્ષ પર લાંબા સમયથી 'ઝેરી' મધમાખીઓએ ડેરો જમાવ્યો હતો. આ મધપૂડાના કારણે શાળામાં અભ્યાસ કરતા નાના બાળકો અને તેમના વાલીઓમાં સતત ભયનો માહોલ જોવા મળતો હતો. મધમાખીઓ



કરડવાના ડરથી વિદ્યાર્થીઓ શાળાએ આવતા પણ ગભરાતા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ, શાળાના આચાર્ય અને વાલીઓએ ગામના સરપંચ રવિરાજસિંહ રાઠોડ

**સામાજિક કાર્યકરોએ આ સમસ્યાના ઉકેલ માટે રજૂઆત કરી હતી**

તથા સામાજિક કાર્યકરોને આ સમસ્યાના ઉકેલ માટે રજૂઆત કરી હતી. દિવસના સમયે મધમાખીઓને દૂર કરવાની કામગીરી જોખમી હતી, તેથી સરપંચે રાત્રિના સમયે મધપૂડો દૂર કરવાનું આયોજન કર્યું હતું.

# ગીરગઢડા પીછવી પ્રાથમિક શાળામાં ગ્રામજનોએ તાળાબંધી કરતાં અધિકારીઓ દોડતાં થયા

ગીરગઢડા, તા.૧૨

ગીરગઢડા તાલુકાના પીછવી ગામની પ્રાથમિક શાળામાં ગ્રામજનોએ તાળાબંધી કરી હતી. જેને લઈ અધિકારીઓ દોડતા થયા હતા. શાળાના આચાર્ય અને એક મહિલા શિક્ષિકા વચ્ચેના વિવાદને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે.

આ વિવાદ આચાર્ય અશ્વિનભાઈ દહીમા અને મહિલા શિક્ષિકા હર્ષાબેન ચોહાણ વચ્ચે આચાર્યના ચાર્જ બાબતે શરૂ થયો હતો. પરિસ્થિતિ વણસતા વાલીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ શાળાએ ઉમટી




પડ્યા હતા. તાળાબંધીને પગલે જિલ્લા શિક્ષણાધિકારી અશોક પટેલ પીછવી દોડી ગયા હતા અને ગ્રામજનો અને વાલી સાથે બેઠક કરી હતી. ગ્રામજનોએ અધિકારી પાસે તમામ શિક્ષકોની બદલી કરી આપો તેમ લેખિતમાં માંગ્યું હતું. જોકે ગ્રામજનોની વાત સ્વીકારવામાં આવી નહોતી. ગામલોકોએ ભારપૂર્વક જણાવ્યું કે જ્યાં સુધી બધા શિક્ષકોની બદલી ના કરવામાં આવે ત્યાં સુધી બાળકોને અભ્યાસ માટે નહીં મોકલીએ. આચાર્યને ગીરગઢડા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા અને હકીકત જાણવાનો પ્રયાસ કરાયો હતો.

# ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી આગામી ૧૬ ફેબ્રુઆરીએ યોજાશે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજવામાં આવશે. વિધાનસભા દ્વારા આ અંગે સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જેઠા ભરવાડે ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યા પછી આ જગ્યા ખાલી પડી હતી. હવે આ પદ માટે ચૂંટણી યોજવામાં આવી રહી છે. સત્તાવાર નોટિફિકેશન મુજબ, ઉમેદવારોએ ૧૩ ફેબ્રુઆરી બપોરે ૧૨ વાગ્યા પહેલાં તેમના ઉમેદવારી ફોર્મ ભરવાના રહેશે. ત્યારબાદ ૧૬ ફેબ્રુઆરીએ વિધાનસભામાં ઉપાધ્યક્ષ પદની ચૂંટણી યોજવામાં આવશે. વિપક્ષી દળ કોંગ્રેસે ઉપાધ્યક્ષ પદની માગણી કરી છે. જેઠા ભરવાડ વિધાનસભાના ઉપાધ્યક્ષ હતા. તેમણે અન્ય જવાબદારીઓને કારણે ડિસેમ્બર ૨૦૨૫માં આ પદેથી રાજીનામું આપી દીધું હતું. જેઠા ભરવાડે રાજીનામું આપતા ઉપાધ્યક્ષ પદની જગ્યા ખાલી હતી. હવે નવા ઉપાધ્યક્ષની પસંદગી માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.


## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૯/૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી પુનાભાઈ પુંજાભાઈ મેવાડા
રહે.મુ.તા. બાબરા, જિ.અમરેલી.
મો. ૯૯૯૮૦ ૭૯૩૪૩

- //વિરૂધ્ધ// -

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચીફ ઓફિસરશ્રી, બાબરા
બાબરા નગરપાલીકા, તા.બાબરા, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના રહીશ આ કામના અરજદાર શ્રી પુનાભાઈ પુંજાભાઈ મેવાડાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ મુ.તા. બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૩૭/૨૦૨૬

અરજદાર :- રમેશભાઈ છગનભાઈ લિંબાસિયા
રહે.જસવંતગઢ, તા. જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ. જસવંતગઢ, તા. જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જસવંતગઢ ગામમાં અરજદાર શ્રી રમેશભાઈ છગનભાઈ લિંબાસિયા તેઓના ભાણેજ વૈશાલીબેન મગનભાઈ વોરાની જન્મ (તા.૦૧/૦૧/૧૯૯૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટ-'નો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ નં.18/2026

પ્રતિ
રાઠોડ કરસનભાઈ દેવાભાઈ
રહે. સનવાવ, ગામ-સનવાવ, તા.ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી આર.એન.ગરનારા ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ .........સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ રાઠોડ કરસનભાઈ દેવાભાઈ તથા રાઠોડ પ્રેમીબેન કરસનભાઈના પુત્ર સંજયકુમાર કરસનભાઈ રાઠોડનો જન્મ તારીખ 31/05/1996ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા સને-1996ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદ્દત તા.૨૭/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# રિજિજુએ સ્પીકરની ચેમ્બરમાં થયેલ વિવાદનો વીડિયો શેર કરી વિપક્ષ પર લગાવ્યા ગંભીર આક્ષેપ

નવી દિલ્હી, તા. ૧૨

સંસદના બજેટ સત્રના ૧૨મા દિવસે કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભા અધ્યક્ષની ચેમ્બરમાં થયેલા હોબાળા અંગે એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો. વીડિયો જાહેર થવા પહેલાં જ રિજિજુએ વિપક્ષો પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમના કહેવા મુજબ ૨૦થી ૨૫ કોંગ્રેસના સાંસદોએ સ્પીકરની ચેમ્બરમાં પ્રવેશ કરીને દુર્વ્યવહાર




કર્યો હતો. રિજિજુએ લખ્યું કે આ વીડિયો એક કોંગ્રેસ સાંસદ દ્વારા ગેરકાયદેસર રીતે બનાવાયો છે. વીડિયોમાં કેટલાક સાંસદો માનનીય સ્પીકરની ચેમ્બરમાં પ્રવેશીને ઉગ્ર વિરોધ નોંધાવતા જોવા મળે છે. તેમણે દાવો કર્યો કે પ્રિયંકા ગાંધી અને કેસી વેણુગોપાલની હાજરીમાં સ્પીકર તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અયોગ્ય વર્તન કરવામાં આવ્યું અને ધમકીભર્યા શબ્દો વપરાયા.

રિજિજુએ જણાવ્યું કે તેમનો પક્ષ ચર્ચા અને લોકશાહી પ્રક્રિયામાં વિશ્વાસ રાખે છે અને શારીરિક ધમકીનું સમર્થન કરતો નથી. મંગળવારે લોકસભામાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા યોજાઈ હતી, જેમાં રાહુલ ગાંધી સહિત અનેક સાંસદોએ ભાગ લીધો. લાંબા અવરોધ બાદ ગૃહમાં કાર્ય ફરી શરૂ થયું અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ચર્ચાનો જવાબ આપ્યો.

# અમદાવાદ પ્લેન ક્રેશ એ ટેકનિકલ ખામી નહી પરંતુ ઈરાદાપૂર્વકનું કૃત્ય: ઈટાલિયન અખબાર

નવી દિલ્હી, તા. ૧૨



અમદાવાદમાં ૧૨ જૂને થયેલી વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. લંડન જતી એર ઈન્ડિયાની બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર ફ્લાઈટ ૧૭૧ ઉડાન ભરીને થોડા જ સેકન્ડોમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. આ અકસ્માતમાં કુલ અંદાજે ૨૬૦ લોકોના મોત થયા હતા. વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા, જેમાંથી માત્ર એક વ્યક્તિ બચ્યો હતો. મેઘાણીનગર વિસ્તારમાં મેડિકલ હોસ્ટેલ સાથે અથડાતા ત્યાં હાજર ૧૯ લોકો પણ મૃત્યુ પામ્યા હતા. ઈટાલિયન અખબાર 'કોરિયેરે ડેલા સેરા'એ બે સૂત્રોના હવાલે દાવો કર્યો છે કે આ દુર્ઘટના ટેકનિકલ ખામીના કારણે નહીં પરંતુ ઈરાદાપૂર્વક કરવામાં આવેલા કૃત્યનું પરિણામ હોઈ શકે છે. અહેવાલ મુજબ, તપાસમાં કોઈ સ્પષ્ટ ટેકનિકલ ખામીના પુરાવા મળ્યા નથી. કોકપિટ વોઈસ રેકોર્ડરના વિશ્લેષણમાં ફ્યુઅલ સ્વિચ 'રન'માંથી 'કટ ઓફ' સ્થિતિમાં ફેરવાયો હોવાની માહિતી સામે આવી હોવાનું જણાવાયું છે. હાલમાં ભારતીય એજન્સીઓ દ્વારા સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. એરક્રાફ્ટ એક્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો તથા નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી કોઈ નિવેદન જાહેર થયું નથી.

# શેરબજારમાં ભારે ઉથલપાથલ મચી: સેન્સેક્સ ૫૫૯, નિફ્ટી ૧૪૭ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા. ૧૨

ગુરુવારે સ્થાનિક શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો. બીએસઈ સેન્સેક્સ ૫૫૯ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા ઘટીને ૮૩,૬૭૪.૯૨ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦ પણ ૧૪૭ પોઈન્ટ અથવા ૦.૫૭ ટકા ઘટીને ૨૫,૮૦૭.૨૦ પર સમાપ્ત થયો. વ્યાપક બજાર પર પણ દબાણ રહ્યું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા ઘટ્યો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૮૬ ટકાનો ઘટાડો નોંધાયો. અહેવાલો મુજબ આઈટી શેરોમાં ભારે વેચવાલીથી બજારનો સેંટિમેન્ટ નબળો પડ્યો. એઆઈના વધતા પ્રભાવ અંગેની ચિંતાઓએ આ ક્ષેત્ર પર દબાણ વધાર્યું. સાથે જ યુએસ ડોલરની મજબૂતી અને બોન્ડ યીલ્ડમાં વધારાથી રોકાણકારોમાં સાવચેત વલણ જોવા મળ્યું. નિફ્ટી પેકમાં ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ અને વિપ્રો ૫ ટકા સુધી તૂટી પડ્યા. બીજી તરફ, બજાજ ફાઈનાન્સ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ૨ ટકા સુધીનો વધારો નોંધાયો. બજારનું સેન્ટીમેન્ટ નકારાત્મક રહ્યું હતું.

# કેન્દ્ર સરકાર રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ નહીં લાવે; ભાષણના ભાગ બાકાત રહેશે

નવી દિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકાર રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ લાવવાની નથી તેવી માહિતી સૂત્રો દ્વારા મળી છે. ગઈકાલે લોકસભામાં આપેલા તેમના ભાષણમાં કરાયેલા કેટલાક આરોપો પ્રમાણિત ન હોવાથી તે વિવાદાસ્પદ ભાગોને કાર્યવાહીમાંથી બાકાત રાખવામાં આવશે. ભાજપના સાંસદ સંજય જયસ્વાલે લોકસભા સ્પીકરને પત્ર લખીને ભાષણમાંથી વાંધાજનક શબ્દો દૂર કરવાની માંગ કરી છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ જણાવ્યું કે વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવાનો



સત્તાવાર નિર્ણય લેવાયો નથી, પરંતુ તેમણે રાહુલ ગાંધીને સંસદમાંથી સસ્પેન્ડ કરવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ દરમિયાન કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળી ગૃહમાં થયેલા ગતિરોધ અંગે માહિતી આપી હોવાનું માનવામાં આવે છે. ભાજપના સાંસદ જગદંબિકા પાલે જણાવ્યું કે વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીને શબ્દો અને ભાષાની મર્યાદાનું પાલન કરવું જોઈએ. અમેરિકા સાથેના વેપાર સોદા મુદ્દે વિપક્ષે હંગામો મચાવતા ગૃહની કાર્યવાહી શરૂ થયા બાદ થોડી જ મિનિટોમાં બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી. અધ્યક્ષે સભ્યોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

# સોનમ વાંગચુકને મુક્તિ નહીં મળે: કેન્દ્ર સરકારનો સુપ્રીમ કોર્ટમાં જવાબ

નવી દિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે લદ્દાખસ્થિત પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકને સ્વાસ્થ્યના આધારે મુક્ત કરી શકાતા નથી. વાંગચુકની ગયા વર્ષે ૨૬ સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયત કરવામાં આવી હતી. તેઓ હાલમાં જોધપુર સેન્ટ્રલ જેલમાં બંધ છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ન્યાયમૂર્તિ અરવિંદ કુમાર અને પી.બી. વરાલેની બેન્ચ સમક્ષ જણાવ્યું કે જેલ મેન્યુઅલ મુજબ તેમની લગભગ ૨૪ વખત તબીબી તપાસ કરવામાં આવી છે અને તેઓ હાલ સ્થિર સ્થિતિમાં છે. તેમણે ઉમેર્યું કે આરોગ્યના આધારે અપવાદરૂપ મુક્તિ આપવાથી ખોટી પરંપરા ઉભી થઈ શકે છે. સરકાર મુજબ, લદ્દાખને રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરવાની માંગ સાથે થયેલા હિંસક વિરોધ દરમિયાન ચાર લોકોના મોત થયા હતા અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. વાંગચુક પર હિંસા ભડકાવવાનો આરોપ છે.

# ભોપાલમાં ઈરાની ડેરા પર મોટો દરોડો: ૩૯ ગુનેગારો ઝડપાયા, ૧ કરોડનું સોનું જપ્ત

ભોપાલ, તા. ૧૨

મધ્યપ્રદેશના ભોપાલમાં પોલીસે તહેવારો પહેલા ગુનાહિત તત્વો સામે વિશેષ અભિયાન ચલાવી શહેરવ્યાપી કોમ્બિંગ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ ૪૦૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી, જેમાં ઈરાની ડેરામાંથી ૩૧ પુરુષો અને ૮ મહિલાઓ સહિત ૩૯ ગુનેગારો ઝડપાયા.



પોલીસે દરોડા દરમિયાન અંદાજે ૧ કરોડ રૂપિયાનું ૬૪૪.૫૬ ગ્રામ સોનું, ૨૪૦ ગ્રામ ચાંદી, ૧૭ ટુ-વ્હીલર, ૨૯ મોબાઈલ ફોન અને રૂ.૧,૩૪,૦૦૦ રોકડ જપ્ત કરી. ઉપરાંત ૧.૭ કિલો ગાંજો કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી. આ અભિયાનમાં ૨૮૩ કાયમી વોરંટ, ૧૨૫ ધરપકડ વોરંટ અને ૧૨૧ જામીનપાત્ર વોરંટનો અમલ થયો. ઈરાની ડેરામાં પેટ્રોલિંગ માટે ૮ એસીપી, ૧૬ સ્ટેશન ઈન્ચાર્જ અને આશરે ૪૦૦ પોલીસકર્મીઓ તૈનાત રહ્યા. પોલીસ કમિશનર સંજય કુમારે જણાવ્યું કે ગુનેગારો રાજ્યની બહાર પણ ચોરી, લૂંટ અને ઘરફોડ જેવા ગુનાઓમાં સંડોવાયેલા હતા.

# બાંગ્લાદેશ સંસદીય ચૂંટણીમાં દરમિયાન ૪૩ સ્થળોએ હિંસા, મુન્શીગંજમાં બોમ્બ વિસ્ફોટ

ઢાકા, તા. ૧૨

બાંગ્લાદેશમાં સંસદીય ચૂંટણી માટે મતદાન દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાં હિંસાની ઘટનાઓ નોંધાઈ હતી. ચૂંટણી પંચના સૂત્રો અનુસાર, ૧૪૦ મતદાન મથકો પર ખલેલ પહોંચી, જ્યારે ૪૩ સ્થળોએ અથડામણો થઈ. મુન્શીગંજ સદર ઉપજિલ્લામાં એક શાળાના મતદાન મથક પર ક્રૂડ બોમ્બ ફેંકાતા તણાવ ફેલાયો,



જેમાં કેટલાક લોકો ઘાયલ થયા. સવારે ૭:૩૦થી સાંજે ૪:૩૦ સુધી ૨૯૯ મતવિસ્તારોમાં મતદાન થયું. ઈતિહાસમાં પહેલીવાર અંદાજે ૧૦ લાખ સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ચૂંટણીમાં ૫૦ રાજકીય પક્ષોના ૧,૭૫૫ ઉમેદવારો અને ૨૭૩ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. બી.એન.પી. અને જમાત-એ-ઈસ્લામી વચ્ચે મુખ્ય મુકાબલો માનવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં ગેરરીતિ અને મતદાન એજન્ટોને બહાર કાઢવાના આક્ષેપો થયા. મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પરિણામો સમયસર જાહેર કરવાની માંગ ઉઠી છે, જ્યારે સેનાની તૈનાતીને લઈને મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી હતી.

# યુપીના બુઢાણામાં પોલીસ સાથે અથડામણમાં કુખ્યાત અમજદ ઠાર, બે પોલીસકર્મી ઘાયલ

મુઝફ્ફરનગર, તા. ૧૨

ઉત્તર પ્રદેશના બુઢાણામાં વહેલી સવારે પોલીસ અને બે ગુનેગારો વચ્ચે અથડામણ થઈ, જેમાં રૂ.૫૦,૦૦૦નો ઈનામી અમજદ માર્યો ગયો હતો. ઘટનામાં ઈન્સ્પેક્ટર સંદીપ અને કોન્સ્ટેબલ અશફાક ઘાયલ થયા હતા. એસપી સંજય કુમાર વર્માએ જણાવ્યું કે સવારે



લગભગ ૩ વાગ્યે બુઢાણા, તિતાવી અને શાહપુર પોલીસની સંયુક્ત ટીમે બાઈક સવાર શંકાસ્પદોને રોકવાનો પ્રયાસ કર્યો. આરોપીઓએ ગોળીબાર કરતાં પોલીસે જવાબી કાર્યવાહી કરી. અમજદને સીએચસીમાં મૃત જાહેર કરવામાં આવ્યો. તેની સામે હત્યા, લૂંટ અને ગેંગસ્ટર એક્ટ હેઠળ ૪૦ કેસ નોંધાયેલા હતા. પોલીસે પિસ્તોલ, કાર્બાઈન અને ઘરેણાં જપ્ત કર્યા હતા.

# નરવણેનું પુસ્તક આયોજનબધ્ધ લીક કરાયું, દિલ્હી પોલીસની આંતરરાષ્ટ્રીય તપાસ શરૂ


નવી દિલ્હી, તા. ૧૨

દિલ્હી પોલીસે ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેની આત્મકથા "ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની"ના કથિત લીક મામલે મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. સ્પેશિયલ સેલના સૂત્રો મુજબ, પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે પુસ્તક સંરક્ષણ મંત્રાલયની ફરજિયાત મંજૂરી પહેલા જ આયોજનબદ્ધ અને સંકલિત રીતે લીક કરવામાં આવ્યું હતું. તપાસ મુજબ, પુસ્તક ફક્ત કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની અને અમેરિકા જેવા દેશોમાં પ્રસારિત જ ન થયું, પરંતુ સત્તાવાર મંજૂરી પહેલા ઓનલાઈન વેચાણ માટે પણ ઉપલબ્ધ હતું. આ મામલે દિલ્હી પોલીસે ગુનાહિત કાવતરાની કલમો હેઠળ એફઆઈઆર નોંધાવી છે. અહેવાલો મુજબ, તપાસ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારી છે અને ડિજિટલ તેમજ નાણાકીય લેવડદેવડની તપાસ કરવામાં આવી રહી છે.

# મની લોન્ડરિંગ કેસ: લાલુ પ્રસાદ યાદવ સહિત ૧૬ આરોપીઓ સામે ચુકાદો અનામત

નવી દિલ્હી, તા. ૧૨

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે લારા પ્રોજેક્ટ્સ મની લોન્ડરિંગ કેસમાં લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી પ્રસાદ યાદવ સહિત ૧૬ આરોપીઓ સામે આરોપ ઘડવાના મુદ્દે પોતાનો આદેશ અનામત રાખ્યો છે. કોર્ટ ૩ માર્ચે નિર્ણય આપે તેવી શક્યતા છે. આ કેસ તે સમયનો



છે જ્યારે લાલુ પ્રસાદ યાદવ પ્રથમ યુપીએ સરકારમાં રેલવે મંત્રી હતા. આરોપ છે કે રેલવેના ગ્રુપ-ડી પદો પર જાહેરાત વિના ભરતી કરવામાં આવી હતી અને અરજીના માત્ર ત્રણ દિવસમાં નિમણૂક અપાઈ હતી. તપાસ એજન્સી ઈડીના જણાવ્યા મુજબ, નોકરીના બદલામાં ઉમેદવારો પાસેથી લાંચરૂપે જમીન લેવામાં આવી હતી અને લાલુ પરિવારને સાત સ્થળોએ જમીન મળી હતી.

# સુદાનની નાઈલ નદીમાં હોડી પલટી: ૧૫ના મોત, અનેક લોકો નદીમાં લાપતા

અઝરબૈજાન, તા. ૧૨

સુદાનમાં નાઈલ નદીમાં એક પેસેન્જર હોડી પલટી જતાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા હોવાનું સુદાન ડોક્ટર્સ નેટવર્કે જણાવ્યું છે. ઉત્તર નાઈલ પ્રાંતમાં મહિલાઓ અને બાળકો સહિત અંદાજે ૨૭ મુસાફરોને લઈ જતી હોડી અચાનક ડૂબી ગઈ હતી. અત્યાર સુધી ૧૫ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ઓછામાં ઓછા ૭ લોકો હજુ લાપતા છે. બચાવ



ટીમો અને સ્થાનિક રહેવાસીઓ સંયુક્ત રીતે શોધખોળ કરી રહ્યા છે. દુર્ઘટનામાં ૭ લોકો બચી ગયા હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું છે.

દેશમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે આવી દુર્ઘટનાએ ચિંતા વધારી છે.

આ દરમિયાન, યમનમાં મુખ્ય અલગતાવાદી જૂથ અને સ્થાનિક સુરક્ષા દળોના સમર્થકો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા અને બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા. શાબવા પ્રાંતના અતાક શહેરમાં પ્રાંતીય વહીવટી મકાન પર હુમલા બાદ પરિસ્થિતિ તંગ બની. દક્ષિણ સંક્રમણ પરિષદના સમર્થકોએ યેમેની ધ્વજ હટાવવાનો પ્રયાસ કરતા અથડામણ શરૂ થઈ હતી. અધિકારીઓ પરિસ્થિતિ કાબૂમાં લેવા પ્રયત્નશીલ છે.

# ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે એવો દાવો ફક્ત ટ્રમ્પે કર્યો: લાવરોવ

મોસ્કો, તા. ૧૨

રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લાવરોવે સ્ટેટ ડુમામાં સ્પષ્ટ જણાવ્યું કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સિવાય કોઈએ એવો દાવો કર્યો નથી કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. એક સાંસદના પ્રશ્નના જવાબમાં લાવરોવે કહ્યું, "મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે અન્ય ભારતીય નેતાઓ પાસેથી આવું કોઈ નિવેદન સાંભળ્યું નથી." તેમણે નોંધ્યું કે ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં



બ્રિક્સ સમિટ દરમિયાન ઊર્જા સુરક્ષાને મહત્વપૂર્ણ મુદ્દો ગણાવ્યો હતો. લાવરોવના નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયાએ અમેરિકા પર ભારત સહિત અન્ય દેશો પર રશિયન તેલ ખરીદી બંધ કરવા દબાણ કરવાનો આરોપ મૂક્યો છે. રશિયા મુજબ, વોશિંગ્ટન ટેરિફ, પ્રતિબંધો અને અન્ય પ્રત્યક્ષ-પરોક્ષ ઉપાયો દ્વારા દબાણ બનાવી રહ્યું છે. લાવરોવે રશિયા-ભારત સંબંધોની મજબૂતાઈ પર ભાર મૂકતા જણાવ્યું કે ડિસેમ્બર ૨૦૨૫માં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની ભારત મુલાકાતે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવી હતી. મુલાકાત દરમિયાન અનેક મહત્વપૂર્ણ સંયુક્ત દસ્તાવેજો પર હસ્તાક્ષર થયા હતા, જેના કારણે દ્વિપક્ષીય સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા. તેમણે ઉમેર્યું કે બંને દેશોના નેતાઓ વચ્ચે આગામી બેઠક બ્રિક્સ સમિટ દરમિયાન થવાની શક્યતા છે.

# દીવમાં પ્રેમસંબંધનો લોહિયાળ અંત: પ્રેમીની હત્યા કર્યાની પ્રેમિકાની કબૂલાત


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૧૨

દીવના મેઘાવાડી વિસ્તારમાં નવ વર્ષ જૂના પ્રેમસંબંધનો કરુણ અને હિંસક અંત આવ્યો છે. ૪૦ વર્ષીય આશિષ લખમણ, જે ત્રણ સંતાનોની માતા વિજયા બારીયા સાથે સંબંધમાં હતો, તેનો મૃતદેહ ગત સવારે વિજયાના ઘરેથી મળી આવ્યો હતો. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની વિગતો જોઈએ તો આશિષના પરિવારે જાણકારી આપ્યા બાદ દીવ કોસ્ટલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. શરૂઆતમાં મોત શંકાસ્પદ જણાતા પોલીસે વિજયાની કડક પૂછપરછ કરી, જેમાં તેણે કબૂલ્યું કે રાત્રે થયેલા ઝઘડા બાદ તેણે આશિષને ગળાફાંસો આપી મોતને ઘાટ ઉતાર્યો હતો. પોલીસે હાલ BNSની કલમ ૧૦૩/૧ હેઠળ ગુનો નોંધી વિજયાની ધરપકડ કરી છે. પોલીસને આશંકા છે કે વિજયાએ એકલા હાથે આ હત્યા કરી નથી, આમાં અન્ય કોઈ મદદગાર હોઈ શકે છે. ગીર સોમનાથ FSLની ટીમ દ્વારા પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. હત્યાનું સચોટ કારણ જાણવા માટે મૃતદેહને જૂનાગઢ મેડિકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યો છે.

# આમ આદમી પાર્ટીમાં આંતરિક વિખવાદ: રાજુ કરપડા અને ગોપાલ ઈટાલિયા સામસામે

રાજકોટ,તા.૧૨




ગુજરાત આમ આદમી પાર્ટીમાં મોટું ભંગાણ સર્જાયું છે. ખેડૂત સંગઠનના પૂર્વ પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાએ પક્ષમાંથી રાજીનામું આપ્યા બાદ ગંભીર આક્ષેપ કરતાં રાજકારણ ગરમાયું છે. તેમણે ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠિયાને ભાજપની 'B ટીમ' ગણાવ્યા છે. રાજુ કરપડાએ રાજકોટમાં પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે, જ્યાં સુધી ગોપાલ ઈટાલિયા પક્ષમાં છે ત્યાં સુધી AAP ક્યારેય આગળ નહીં આવે. રાજુ કરપડાએ આક્ષેપ કર્યો કે જ્યારે ૬૮ ખેડૂતો ૩૦૭ જેવી ગંભીર કલમો હેઠળ જેલમાં હતા, ત્યારે પક્ષે કોઈ સારા વકીલની વ્યવસ્થા કરી નહોતી. હાઈકોર્ટના મોટા વકીલો લાવવાના વાયદાઓ માત્ર કાગળ પર જ રહ્યા. તેમણે દાવો કર્યો કે ઈટાલિયા અને સોરઠિયા એવું ઈચ્છી રહ્યા છે કે AAP મજબૂત ન થાય અને તેઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે. જે ખેડૂતો ક્યારેય પોલીસ સ્ટેશનનું પગથિયું નથી ચડ્યા, તેમને દિવાળી જેવો તહેવાર જેલમાં મનાવવો પડ્યો, જેનું તેને વ્યક્તિગત રીતે ખૂબ દુઃખ છે. રાજુ કરપડાના આક્ષેપ સામે ગોપાલ ઈટાલિયાએ પણ આક્રમક વલણ અપનાવ્યું છે.

ઈટાલિયાએ દાવો કર્યો કે રાજુ કરપડા પર કેસ હોવાથી તેઓ જેલમાં જવાની બીકે ભાજપની સ્ક્રિપ્ટ મુજબ બોલી રહ્યા છે. તેમણે ગંભીર આરોપ લગાવ્યો કે રાજુ કરપડા જેલમાં કયા IPS અધિકારીને મળ્યા અને ગાંધીનગરમાં ગૃહમંત્રીના કયા બંગલે મુલાકાત કરી તેની તમામ વિગતો તેમની પાસે છે. ઈટાલિયાએ ઉમેર્યું કે એક મજબૂત યોદ્ધાએ સાથ છોડ્યો તેનું દુઃખ છે, પરંતુ આજે પ્રેસ કોન્ફરન્સમાં કરપડાનો ચહેરો જોતા તેઓ ખૂબ લાચાર જણાતા હતા.

# અમદાવાદ SOGનો સપાટો : બેંગકોકથી ચાલતા કરોડોના હાઈબ્રીડ ગાંજાના રેકેટનો પર્દાફાશ

અમદાવાદ,તા.૧૨




અમદાવાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ એક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કરીને રૂ. ૭.૯૭ કરોડની કિંમતના હાઈબ્રીડ ગાંજા સાથે ભાઈ-બહેનની ધરપકડ કરી છે. જીયા ઉર્ફે જેશીકા પ્રજાપતિ અને ચેતન પ્રજાપતિ નામના આ આરોપીઓ થાઈલેન્ડથી ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થો મંગાવી રાજ્યમાં તેનું વેચાણ કરતા હતા.

SOGને બાતમી મળી હતી કે આરોપીઓ ચિલોડાથી એરપોર્ટ તરફ વેગનઆર કારમાં જઈ રહ્યા છે. પોલીસે વોચ ગોઠવીને કારને કોર્ડન કરી તપાસ કરતા તેમાંથી કરોડોનો મુદ્દામાલ મળી આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે જેશીકાએ ડ્રગ માફિયાઓના ઈશારે રાજસ્થાનના ચાર યુવકોની એક 'ફૌજ' તૈયાર કરી હતી, જેમને જાન્યુઆરીમાં બેંગકોક મોકલવામાં આવ્યા હતા. આ ગેંગના સભ્યો જ્યારે માલ લઈને પરત ફર્યા ત્યારે મુંબઈ એરપોર્ટ પર એક યુવક ઝડપાઈ ગયો હતો, પરંતુ અન્ય ત્રણ યુવકો કરોડોનો ગાંજો લઈને છટકી જવામાં સફળ રહ્યા હતા. હાલમાં પોલીસ મીલન અને અમરાન જોશી નામના શખ્સોની ભૂમિકા અંગે વધુ તપાસ કરી રહી છે.

## મહાશિવરાત્રિ પર સોમનાથમાં ભવ્ય આયોજન, પાંચ લાખ ભક્તો આવવાની આશા

(એચ.એસ.એલ),સોમનાથ,તા.૧૨

૧૫ ફેબ્રુઆરી, રવિવારના દિવસે મહાશિવરાત્રિનું પર્વ છે. ત્યારે ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તંત્રએ સંપૂર્ણ તૈયારી કરી છે. મંદિરના અધિકારીઓએ જણાવ્યું કે તાજેતરમાં સોમનાથ સ્વાભિમાન પર્વ બાદ મંદિરમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થયો છે. વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના મહાશિવરાત્રિના ઉત્સવની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. મંદિર તંત્ર પ્રમાણે આ દિવસે પાંચ લાખ જેટલા ભક્તો દર્શન માટે આવી શકે છે.





